SHRI MEHSANA PRANT JAIN DASHA SHRIMALI GNYATI MANDAL - P. Gautam & Co., Nandanvan, Ground Floor, Town Hall , Ellishbridge, Ahmedabad - 380 006.

સારા કર્મોનું મૂળ
સારા વિચાર હોય છે.
માટે
પહેલા તમારા વિચાર
સારા કરો.

શ્રી મહેસાણા પ્રાંત જૈન દશા શ્રીમાળી જ્ઞાતિ મંડળ - અમદાવાદ (ટ્રસ્ટ રજી.નં. ઈ-૩૩૦૩, તા.૨૩-૮-૭૮) સંચાલિત

# પરિવાર પત્રિકા

PARIVAR PATRIKA (Gujarati Monthly) (ગુજરાતી માસિક)

Year - 21 ● Issue No. - 250 ● 1st July 2024 Price Rs. 2/- ● Pages-20

જાગૃતિ ● માહિતી ● પ્રવૃત્તિ ● પ્રગતિ

**પરિવાર પત્રિકાના કાયમી મુખ્ય સૌજન્યદાતા**

સ્વ. શ્રી જશવંતલાલ ચીમનલાલ શાહ......(રણુંજ)
સ્વ. વર્ષાબેન દિલીપભાઈ શાહ.........(ભાલક)

**કાયમી સહાયક દાતા**

સ્વ. વિમળાબેન રસીકલાલ શાહ......(લણવા/પુના)

**પરિવાર પત્રિકા સંપાદન સમિતિ**

સંપાદક : પ્રમોદભાઈ એન. ગાંધી 93270 07054
સહ સંપાદક : બકુભાઈ સી. ગાંધી 98250 96444

ભાઈલાલભાઈ એન. ગાંધી..........(સમોડા) 99257 22324
મીહીરભાઈ એચ. શાહ..........(બોકરવાડા) 98982 58515
ભાવેશભાઈ એમ. શાહ.............(ભાલક) 94277 02080

**મેનેજીંગ ટ્રસ્ટી**

જશવંતલાલ પી. શાહ..........(ભાલક) 99747 16584

**પરિવાર પ્રકાશન કાયમી સૌજન્ય**

શ્રી સેવંતીલાલ છબીલદાસ શાહ પરિવાર.............(ભાલક)
સ્વ. શ્રી નટવરલાલ મણીલાલ શાહ................. (ભાલક)
સ્વ. જેઠાલાલ મોહનલાલ શાહ...................... (ખરોડ)
સ્વ. ચીનુભાઈ મણીલાલ શાહ.................. (પિંઢારપુરા)
સ્વ. શ્રી બાબુલાલ અંબાલાલ શાહ.................. (મોટપ)
સ્વ. શ્રી અમૃતલાલ ઠાકરશી શાહ................ (મોટી દેઉ)
સ્વ. શ્રી પુનમચંદ ઉત્તમચંદ શાહ.................... (લણવા)
સ્વ. શ્રી બાબુલાલ કસળચંદ શાહ................. (વડાવલી)
શ્રીમતી પદ્માબેન રમણલાલ શાહ. .................. (મોટપ)
સ્વ. બિહારીભાઈ ચીમનલાલ મોદી................(મહેસાણા)
શ્રી નટવરલાલ તલકચંદ શાહ..................... (દેલોલી)
શ્રી ચંપકલાલ મંગળદાસ શાહ......................(મગુના)
શ્રીમતી પન્નાબેન અશ્વિનકુમાર ગાંધી.............. (સમોડા)
સ્વ. સુબોધચંદ્ર મણીલાલ શાહ...................... (મણુંદ)
સ્વ. કાન્તાબેન રસીકલાલ શાહ................. (વિસનગર)
સ્વ. કમળાબેન ચીમનલાલ શાહ......... (ઉનાવા/આંબેગામ)
સ્વ. લીલાવતીબેન સુમતીલાલ શાહ......... (સીનોલી/મણુંદ)
શ્રીમતી ચંદ્રિકાબેન નવીનચંદ્ર શાહ...............(લણવા)
શ્રી વિજયકુમાર કનુભાઈ શાહ................. (બોરીઆવી)
શ્રીમતી રંજનબેન મહેન્દ્રભાઈ શાહ..................(દેલોલી)
શ્રી નટવરલાલ મફતલાલ શાહ..................... (દેલોલી)
શ્રી ભોગીલાલ લીલાચંદ શાહ....................... (મોટપ)
સ્વ. ઈન્દીરાબેન શશીકાંત તિજોરીવાળા..... (લુણવા-મંડાલી)
સ્વ. ઉષાબેન નરેન્દ્રકુમાર હીંમતલાલ શાહ.......(બોકરવાડા)
શ્રીમતી વિમળાબેન નટવરલાલ શાહ...............(કમાણા)
સ્વ. વસુમતીબેન ઈશ્વરલાલ સોમચંદ શાહ.......... (ભાલક)
સ્વ. પુષ્પાબેન સુરેશચંદ્ર રસિકલાલ ગાંધી......(રણુંજ)
સ્વ. કંચનબેન હીંમતલાલ વાડીલાલ શાહ....(બોકરવાડા)
સ્વ. મહેન્દ્રકુમાર રતીલાલ શાહ (ચાવાળા)..........(સમોડા)

## શ્રી મહેસાણા પ્રાંત જૈન દશા શ્રીમાળી જ્ઞાતિ મંડળ, અમદાવાદ

### પ્રગતિ અહેવાલ

વ્હાલા જ્ઞાતિજનો,

આ વર્ષે તો માર્ચથી શરૂ થયેલી ક્રમશ: વધતી જતી ગરમી અને પશ્ચાત ઉકળાટથી સૌ જીવો ત્રસ્ત થયા. પણ હવે મેઘરાજા મહેર કરશે અને ઠંડક પ્રસરાવશે. આપણે તો પંખા, એ.સી. થી રાહત મેળવીએ છીએ. પરંતુ પંચમહાવ્રતધારી સાધુ મહાત્માઓ અને સાધ્વીજીઓ આવી અસહ્ય ગરમીમાં કેવી રીતે રહેતા હશે તેનો વિચાર કરીએ તો તેમની અનુમોદના કરતાં મનોમન મસ્તક ઝૂકી જાય છે.

શ્રીમતી વર્ષાબેન દિલીપભાઈ શાહ (ભાલક) અને શ્રીમતી મંગુબેન ચંદુલાલ શાહ (વડાવલી) ના નામે કાયમી ધોરણે ચાલતી સાધર્મિક સહાય યોજના અંતર્ગત વર્ષમાં બે વખત (એપ્રીલથી સપ્ટેમ્બર અને ઓક્ટોબરથી માર્ચ) ખાદ્યસામગ્રી આપવામાં આવે છે.

આ યોજના હેઠળ પ્રથમ રાઉન્ડ માટેની સાધર્મિક સહાય માટે આવેલી તમામ ૩૫ અરજીઓ સ્વીકારવામાં આવેલ છે. આ યોજના અંતર્ગત વર્ષ-૨૦૨૪ના પ્રથમ રાઉન્ડમાં જરૂરિયાતવાળા પરિવારોને, કુટુંબના સભ્યોની સંખ્યા મુજબ કુલ ૩૫ કુટુંબોના ૯૫ વ્યક્તિઓને તેમના ઘેર બેઠાં જીવન જરૂરિયાતની ખાદ્યસામગ્રી પહોંચાડવામાં આવેલ છે જે પેટે સાધર્મિક સહાય ફંડમાં આવેલા દાનમાંથી, મંડળ તરફથી રૂા.૧,૩૯,૭૪૦/-નો ખર્ચ કરવામાં આવેલ છે.

સાધર્મિક પરિવારોને આપવામાં આવતી ખાદ્યસામગ્રીની સાથે આપણી રોકડ રકમ અનુમોદના રૂપે આપવા માટે, સ્વ.સૂર્યકાન્ત કે. શાહ (ઉનાવા-અમદાવાદ)ની જન્મતિથિ (જન્મ તા.૧૭-૦૫-૧૯૩૭)નિમિત્તે તેમના પરિવારે રૂા.૨૧૦૦૦/-નું દાન આપેલ છે અને રૂા.૫૦૦૦/- સ્વ.હસમુખલાલ ચિમનલાલ શાહ (બોકરવાડા)ની ૧૩ મી પૂણ્યતિથિ નિમિત્તે સરલાબેન હસમુખલાલ શાહ પરિવાર તરફથી મળેલ છે. જ્ઞાતિ મંડળ આ પરિવારોની આવી ઉત્કૃષ્ટ ભાવનાને બિરદાવે છે.

શૈક્ષણિક સમિતિએ ચાલુ વર્ષે ચોપડા-બોલપેનના વિતરણ માટે, જેઓ અમદાવાદ જ્ઞાતિ મંડળના સભ્યો હોય અને તેમના અભ્યાસ કરતા સંતાનને જ આ વર્ષે લાભ આપવાનું ઠરાવેલ. વળી તે માટે ઓનલાઈન ગુગલ ફોર્મ દ્વારા નોંધણી કરાવવાની હતી. અમારા આ નૂતન અભિયાનમાં જ્ઞાતિજનોએ અમને સાથ-સહકાર આપ્યો છે તે બદલ શૈક્ષણિક સમિતિ આપ સૌનો અંત:કરણપૂર્વક આભાર માને છે.

તા. ૨૬-૦૫-૨૦૨૪ અને તા.૦૨-૦૬-૨૦૨૪ એમ બે રવિવારે, વાસણા અને કૃષ્ણનગર એમ બે સ્થળેથી અમદાવાદ જ્ઞાતિમંડળના સભ્યના ધોરણ-૧ થી ઉચ્ચશિક્ષણ સુધીનો અભ્યાસ કરતા દરેક સંતાન દીઠ રૂા.૧૫૦ના રાહત દરે ૧૪૪ પેજના ફુલસ્કેપ બે ડઝન ચોપડા તેમના દરેક સંતાન દીઠ બોલપેન સેટ (જેમાં નંગ-૧૦ અને જેની રૂા. ૬૦/- એમ.આર.પી. છે) નિ:શુલ્ક આપવામાં આવેલ છે. આ રીતે આ ચાલુ વર્ષે અમદાવાદ જ્ઞાતિ મંડળની શૈક્ષણિક સમિતિ દ્વારા કુલ ૪૧૬ ડઝન ચોપડા અને ૨૨૮ બોલપેન-સેટનું વિતરણ કરવામાં આવ્યું. આ ચોપડા અને બોલપેનના વિતરણમાં કુલ ખર્ચ પેટે અમદાવાદ જ્ઞાતિ મંડળે કુલ રૂા.૧,૦૦૭૫૨/-ની રકમ આપેલ છે.

ઉપરોક્ત વિતરણ કાર્યને સફળ બનાવવામાં અમદાવાદ મંડળના

# પરિવાર પત્રિકા

**સૌજન્ય દાતા**
**(જાન્યુઆરી-૨૪ થી ડીસેમ્બર-૨૪)**



**સ્વ.જીગ્નેશભાઈ અરવિંદભાઈ શાહ**
(મોટપ-અમદાવાદ)
જન્મ તા.૦૫-૦૮-૧૯૭૫ - સ્વ.તા.૧૮-૦૩-૨૦૧૪
ની સ્મૃતિમાં

અરૂણાબેન શાહ – રૂપલબેન શાહ
નીશીબેન – દીયાબેન
સંજયકુમાર – મોનાબેન
જૈની – આગમ

**અરવિંદભાઈ પૂનમચંદ શાહ**
(મોટપ-અમદાવાદ)
પરિવાર તરફથી અમદાવાદ બહારના ભારતમાં વસતા તમામ જ્ઞાતિજનોને "પરિવાર પત્રિકા" મોકલવામાં આવશે.

## મંડળની વિવિધ પ્રવૃત્તિઓ

- કેળવણી સહાય/ઉચ્ચ શિક્ષણ સહાય
- સાધર્મિક સહાય
- મેડિકલ સહાય
- મહિલા તત્કાલ સહાય
- શુભ લગ્ન આયોજન
- પરિવાર પત્રિકા
- તપસ્વી બહુમાન
- સમ્યગ્ જ્ઞાન પ્રસાર નિધિ
- મહિલા મંડળ

## પરિવાર શુભેચ્છક

સ્વ. સુભદ્રાબેન સેવંતીલાલ શાહ .....(બોકરવાડા)
શ્રી બંકિમકુમાર કાંતિલાલ શાહ ..........(ઊંઢાઈ)
શ્રી જયંતિલાલ અંબાલાલ શાહ ............(ઊંઢાઈ)
કંચનબેન ચીનુભાઈ તીજોરીવાળા (લુણવા-મંડાલી)
મધુબેન મહેન્દ્રકુમાર ડાહ્યાલાલ શાહ.....(મગુના)
સ્વ. શ્રી અંબાલાલ બુલાખીદાસ શાહ......(મણુંદ)
સ્વ. સવિતાબેન અંબાલાલ શાહ............(મણુંદ)
સ્વ. શારદાબેન નરોત્તમદાસ શાહ..........(મણુંદ)
સ્વ. નીતાબેન પ્રમોદભાઈ શાહ............(ખરોડ)

મેનેજીંગ ટ્રસ્ટી શ્રી જશવંતભાઈ પી. શાહ, પ્રમુખશ્રી બકુભાઈ ગાંધી, ઉપ પ્રમુખશ્રી ભાઈલાલભાઈ ગાંધી, મંત્રીશ્રી ભાવેશભાઈ શાહના સલાહ–સૂચન–સહયોગ પ્રાપ્ત થયા તે બદલ શૈક્ષણિક સમિતિ તેમની આભારી છે. વળી, શૈક્ષણિક સમિતિના કન્વીનર શ્રી સંદીપભાઈ શાહ, સહ કન્વીનર શ્રી ઉન્મેષભાઈ શાહ તથા સભ્યશ્રીઓ શ્રી ભરતભાઈ એમ. શાહ, શ્રી રમેશભાઈ સી. શાહ, શ્રી કિરણભાઈ કે. શાહ તથા શ્રી મિહીરભાઈ એચ. શાહે બન્ને રવિવારે સવારે ૧૦–૦૦ થી સાંજે ૫–૩૦ સુધી, પોતાના સમયનો ભોગ આપીને નીષ્ઠાપૂર્વક સેવા આપેલ છે. તે જ રીતે કૃષ્ણનગર સેન્ટર ખાતે શ્રી અંકિતભાઈ અશોકભાઈ શાહ (ભાલક)એ પણ બંને રવિવારે મંડળને નિષ્ઠાપુર્વક સેવા આપેલ છે. અમદાવાદ જ્ઞાતિમંડળ આ સર્વેનો હૃદય પૂર્વક ધન્યવાદ સહ આભાર માને છે.

રિમાઈન્ડર : પરિવાર પત્રિકાના ગત અંકોમાં જાહેર કર્યા મુજબ ધોરણ ૧ થી ૧૦, તેમજ ધોરણ ૧૧–૧૨, સાયન્સ, કોમર્સ, આર્ટસમાં ૭૫% કે તેથી વધુ ટકા મેળવેલા હોય તેવા વિદ્યાર્થી/વિદ્યાર્થીનીઓ અને ઉચ્ચશિક્ષણની વિવિધ ફેકલ્ટીઝમાં ડીગ્રી, ડીપ્લોમાં વગેરેમાં ઉત્તિર્ણ થયેલા વિદ્યાર્થી/વિદ્યાર્થીનીઓએ પણ પોતાના માર્કશીટ મંડળના હોલ, વાસણા ખાતે રૂબરૂ આવીને અને માર્કશીટ માટેનું ફોર્મ ભરીને તા.૩૧–૦૭–૨૦૨૪ સુધીમાં જમા કરાવવાની રહેશે. ત્યારબાદ સ્વીકારવામાં નહિ આવે તેની નોંધ લેવી. અત્રે આવેલી માર્કશીટો જ (મેળાવડામાં) ઈનામને પાત્ર ઠરશે તેની ખાસ નોંધ લેવી.

ધોરણ–૧૧–૧૨ તથા ઉચ્ચ શિક્ષણ માટે શૈક્ષણિક સહાય લેવા ઈચ્છતા વિદ્યાર્થી/વિદ્યાર્થીનીઓએ જરૂરી પુરાવા, આધાર, ડોક્યુમેન્ટ (મે–૨૦૨૪ના અંકમાં લખેલા છે.) મંડળની ઓફિસે રૂબરૂ આવીને તા.૩૧–૦૭–૨૦૨૪ સુધીમાં નિયત ફોર્મ ભરી જવું. ત્યારબાદ ફોર્મ (અરજી) સ્વીકારવામાં આવશે નહિ. ઉપરોક્ત બાબતોની વિગતવાર માહિતી માટે પરિવાર પત્રિકાના માર્ચ, એપ્રિલ,મે, જૂન–૨૪ના અંકો દરેક વિદ્યાર્થી/વિદ્યાર્થીનીઓ તથા વાલીએ વાંચી લેવા નમ્ર વિનંતી.

પરિવાર પત્રિકામાં હવેથી એક નવો વિભાગ શરૂ કરેલ છે. જેમાં ધંધાકિય/વ્યાવસાયિક જાહેરાત માત્ર રૂા.૬૦૦/–માં કરી શકાશે તેની સાઈઝ ૬ સે.મી. X ૯ સે.મી. રહેશે. વ્યવસાય કરતા જ્ઞાતિબંધુઓને આનો લાભ લઈ સહકાર આપવા વિનંતી છે.

જેમના કુટુંબમાં એકથી વધારે પરિવાર પત્રિકા આવતી હોય તેવા જ્ઞાતિબંધુઓને નમ્ર વિનંતી છે કે તેઓ અમદાવાદ મંડળના કાર્યાલયમાં લેખીત જાણ કરીને તેમને ત્યાં હવેથી આ એક જ સરનામે એક પરિવાર પત્રિકા મોકલશો તેવી સૂચના આપવા વિનંતી.

અમદાવાદમાં વસતા જ્ઞાતિજનોમાંથી ૧૮ વર્ષથી વધુ વયના જે યુવાનોએ હજુ મંડળનું સભ્યપદ ન મેળવ્યું હોય તેમણે મંડળની ઓફિસે પધારી આજીવન સભ્યપદ મેળવી લેવા વિનંતી.

મેડીકલ સહાય યોજના અંતર્ગત, અમદાવાદ મંડળ દ્વારા હોમિયોપેથિક સેન્ટર ચલાવાય છે. ડૉ.શ્વેતાબેન આર. શાહ દ્વારા જરૂરી તપાસ કરી દવા તથા સારવાર નિ:શુલ્ક આપવામાં આવે છે. દર મહિનાના ઓલ્ટરનેટીવ બે ગુરુવારે અપાતી આ સેવાનો લાભ લેવા વિનંતી છે. આ બાબતનો વોટ્સએપ મેસેજ જ્ઞાતિ મંડળના મેસેજગ્રુપમાં મોકલવામાં આવે છે.

સમ્યક્જ્ઞાન પ્રસારનિધિ અંતર્ગત સાંસ્કૃતિક ભવન ખાતે જૈન પાઠશાળા કાર્યરત છે. આપ સૌને આ પાઠશાળામાં ધાર્મિક શિક્ષણનો લાભ લેવા વિનંતી છે.

ભાવેશભાઈ એમ. શાહ–માનદ્મંત્રી ● રમેશભાઈ સી. શાહ–સહમંત્રી



**રસિકલાલ ચીમનલાલ શાહ**
(લણવા-અમદાવાદ)
જન્મ તા.૨૪-૧૨-૧૯૩૦ ◦ સ્વ. તા.૨૬-૦૨-૨૦૨૧

બે પ્રકાર ના લોકો ખુબ હેરાન થાય છે...
એક....જે ક્યારેય ના નથી કહી શકતા..
અને
બીજા....જે ક્યારેય ના નથી સાંભળી શકતા...

**ચિમનલાલ પુનમચંદ શાહ**
સરોજ મુકેશ શાહ ● મુકેશ જે. શાહ
જીગર ● હિમાંદ્રી ● મોલિક ● આનલ
રીયા-કહાન-વિહા
(ભાલક)

# બોકરવાડા ગામનું ગૌરવ



ફાલ્ગુનીબેન

તથા

નિતિન જસવંતલાલ શાહના સુપુત્ર

**જૈનમ** ને

CPA (USA) માં ઉત્તિર્ણ થવા બદલ

ખૂબ ખૂબ અભિનંદન

ગુણવંતીબેન જસવંતલાલ શાહ પરિવાર

તેમજ

દેવિન્દ્રાબેન પ્રવિણચંદ્ર શાહ પરિવાર ના

**જૈનમ** ને

ખૂબ ખૂબ અભિનંદન  તથા

જીવનમાં ખૂબજ આગળ વધી

ઉજ્જવલ કારકિર્દી બનાવે

એજ શુભેચ્છા.

## જૈનમ નિતિન શાહ

M.Com. CPA (USA)



### શુભેચ્છક

CA - રાજેશ - અલકા શાહ
ER - અંકિત - ઝલક શાહ
CA - જીમિત - ડૉ. ઋતુ
જીનાંશ અને પાર્શ્વ

હરેન્દ્ર - વૈશાલી શાહ
દેષ્ટી - ખૂશબુ
પંકિલકુમાર - મિહાન

પ્રકાશભાઈ - જાગૃતિબેન
રસાનિયા
ખ્યાતિ - (USA)
દિવ્ય - (USA)

રાજેન્દ્રકુમાર - ફાલ્ગુનીબેન
શૈલી - મનન
નિરાલી - અમિતકુમાર
વિહાન - કિઆન
મમતાબેન પ્રકાશકુમાર
નયનાબેન હેમંતકુમાર
પ્રજ્ઞાબેન દિનેશકુમાર

સેવા
સહકાર
સંકલન
સંગઠન

# સંપાદકિય

સહુ નો સાથ રાખવો
પણ સાથમાં
સ્વાર્થ ના રાખવો...

---

જેના ખાતાંમાં
શાંતિ અને સંતોષનું
બેલેન્સ હોય... તે સૌથી વધારે
ધનવાન છે.

---

કળયુગની દુનિયા છે..
કદર એની નથી થતી જે,
સંબંધની કદર કરે છે..
કદર એની જ થાય છે જે,
સંબંધ નો દેખાવ કરે છે...!!

---

દરેક સજા ભૂલની નથી હોતી..
કેટલીક વિશ્વાસની
તો કેટલીક
સારા પણાની પણ હોય છે......

---

અભિમાન વગરની વાણી,
સ્વાર્થ વગર નો પ્રેમ,
અપેક્ષા વગર ની કાળજી,
હેતુ વગરની પ્રાર્થના,
એ જ સાચા સંબંધોની
વ્યાખ્યા છે....

---

ધારો એટલું મળી જાય
તો પણ,
ધારો એટલું માણી નથી શકાતું.

---

સંપત્તિ કરતાં
મનની શાંતિ
વધુ મૂલ્યવાન હોય છે

---

જ્ઞાન એટલે આપણે
શું કરી શકીએ એનું ભાન,
અને ભાન એટલે ક્યારે શું
ન કરવું એનું જ્ઞાન !!

---

જે ક્ષણે આપણું મન
બીજા માટે સારું વિચારવા
લાગે છે..,
તે જ ક્ષણથી
આપણા જીવનમાં
શાંતિ ની શરૂઆત થાય છે..!

---

તમને કોણે
"દુ:ખ" પહોંચાડ્યું
એનું કોઇ મહત્વ નથી,
તમને ફરીથી કોણે
"હસતાં" શીખવાડ્યું
એને યાદ રાખો...!!

---

સંબંધ મોટા નથી હોતા,
સબંધ સાચવનારા મોટા હોય છે.

---

હાથ પગ વિનાની હવા ને
મેં ચાલતાં જોઇ છે,
કાન વગરની દીવાલોને
મેં સાંભળતા જોઇ છે,
લાગણીને તો પગ નથી,
છતાં...
વારંવાર તેને ઠેસ
વાગતાં જોઇ છે...!!

---

તમારો "પરસેવા"નો રૂપિયો
જયારે,
"પરસેવામાં" વપરાયને,
ત્યારે માનવું કે
તમારું જીવન સફળ થઇ ગયું...

---

માનવ જગતમાં
સફળતા કરતાં
સંતોષ ઉત્તમ છે,
કારણ કે
સફળતા એકબીજા માનવી
નક્કી કરે છે,
જયારે સંતોષ એ આપણો
આત્મા જ નક્કી કરે છે...

---

તણખલાં ભેગા કરી પંખી સમું
એક ઘર બનાવ્યું છે...
બહારથી સાવ નાનું ,પણ..
અંદરથી મોટું રાખ્યું છે.

---

માળિયું, ઓટલો ને ઉંબરો તો,
ગામડે જ રહીગયાં...!!!
પાણીયારાની જગ્યાએ એક
આર.ઓ. લગાવ્યું છે...!!!

---

તમે જ કહો આ ત્રીજા માળે
ફળિયું ક્યાંથી લાવવું.???
એટલે લિવિંગ રૂમમાં,
ફળિયાનું એકચિત્ર ટાંગ્યું છે.!!!

---

એમાં ઓશરી નથી પણ
મારો આશરો બની જશે,
રસોડાનું કિચન ,ને વાળુનું નામ
અહીં ડિનર રાખ્યું છે...!!!

---

બાલ્કની સરસ છે, આવી તો
ગામડે પણ નો'તી હોં.!!!
હિંડોળાની જગ્યાએ ત્યાં
બિન-બેગ મુકાવ્યું છે.!!!

હવે જિંદગી આખી જશે
સોરી ને થેંક્યું કહેવામાં.!!!
"જય શ્રી કૃષ્ણ"ની જગ્યાએ મેં,
ગુડ મોર્નિંગ રાખ્યું છે...!!!

---

કેમ કરી છૂટે વળગણ,
બાળપણની ગલીઓનું...!!!
અંતર મહીં મારું ગામડું
મેં અડીખમ જીવાડ્યું છે...!!!

---

સંબંધનું આયુષ્ય
સમજણ પર આધારિત છે,
સમય પર નહિ.

પ્રમોદ એન. ગાંધી-સંપાદક ● બકુભાઇ સી. ગાંધી-સહસંપાદક

# ખૂબ ખૂબ અભિનંદન



સ્વ. નટવરલાલ તલકચંદ શાહ અને કોકિલાબેન નટવરલાલ શાહ ના પૌત્ર
( દેલોલી – હાલ રાજકોટ)
તેમજ
પ્રકાશ નટવરલાલ શાહ અને મીરાબેન પ્રકાશ શાહ ના પુત્ર

## મીત પ્રકાશ શાહ

JEE Advance Rank AIR 1322
JEE MAIN 99.52 PR
ને ખૂબ ખૂબ અભિનંદન

મીત શાહ ને
આપણા દેશની પ્રતિષ્ઠિત સંસ્થા
IIT ROORKEE માં
Electronics and Communication Eng માં
admission મળેલ છે.
IIT ROORKEE આખા દેશમાં
ECE બ્રાન્ચમાં પ્રથમ નંબર ઉપર છે.
તેમાં admission મેળવવા માટે
દેશની સૌથી અઘરી અને
આખી દુનિયાની બીજા નંબરની અઘરી Exam
JEE ADVANCE
ખુબ જ સારા માર્કસ એ પાસ કરવી પડે છે.
મીતને તેમના ઉજ્જવળ ભવિષ્ય માટે
સગા સંબંધીઓ અને મિત્ર વર્તુળો તરફથી
ખુબ જ શુભેચ્છા પાઠવવામાં આવેલ છે.





## મીત પ્રકાશ શાહ

શુભેચ્છાઓ સહ આશીર્વાદ

દાદા- સ્વ.નટવરલાલ
દાદી - કોકિલાબેન

નાના - નટુભાઈ
નાની - સરોજબેન

પિતા - પ્રકાશભાઈ
માતા - મીરાબેન



KINGS ABODE
KV
@KINGS VILLA

**Villa**
Inspired by
**Modern Architecture**

**Gift your loved one**
**A dream villa**
**@ Kings Abode**

**LAND SIZE : Aprox 700 - 1700 SQ. YD.**
**CONSTRUCTION : Aprox 200 SQ. YD.**







**FULLY FURNISHED VILLA (PROJECT BY KINGSVILLA)**
**(ENJOY THE EXOTIC LIVING, DERASAR & KINGS CLUB IN VICINITY)**




## OTHER AMENITIES

CLUB | DERASAR | WATER PARK | ATV BIKE| RESTAURANT | BANQUET
RAIN DANCE FLOOR | GAMING ZONE & MANY MORE...

**LAND SIZE : Aprox 700 - 1700 SQ. YD. CONSTRUCTION : Aprox 200 SQ. YD.**

OTHER ATTRACTIVE PROJECTS

**KINGS CASTLE / KINGS AURA / KINGS LEGACY / KINGS GLORY**

(SCAN FOR VIDEO)

REDEFINE YOUR STAYS IN LUSH GREENERY.
BOOK YOUR DREAM VILLA @ KINGS ABODE

(SCAN FOR LOCATION)

**76000 71203 / 07, 99242 22538**

WEBSITE : (WWW.KINGSVILLA.IN)

***KINGSVILLA, OPP. BAVLA WATER TANK.***
***NEAR ADRODA VILLAGE (7 KM FROM BAVLA)***

## આગામી યૂથ ફોરમ આયોજન

આજથી ૬-૭ વર્ષ પહેલા સમાજ ના યુવા વર્ગને સમાજ સાથે એકરસ થવાના આશય સાથે અમદાવાદ મંડળ દ્વારા એક સુંદર અભિગમ અપનાવવામાં આવ્યો અને યૂથ ફોરમ ની રચના કરવામાં આવી, ત્યારથી લઈને આજ દિન સુધી પા પા પગલી થી શરૂઆત કરીને હરણફાળ ભરવા સુધીની ક્ષમતા કેળવી ને યૂથ ફોરમ અનેક સુંદર કાર્યકમોનું આયોજન કરતું આવેલ છે. જો સમય, સંજોગ અને આપ સૌનો સાથ-સહકાર મળશે તો આગામી ટૂંક સમયમાં ૪૭ સમાજનાં દરેક મંડળ ને આમંત્રીને એક ભવ્ય INTER CITY CRICKET TOURNAMENT નું આયોજન કરવાનું વિચારણા હેઠળ છે. આ અંગેનો નિર્ણય નક્કી થયેથી તે અંગેની વિગતવાર માહિતી યોગ્ય સમયે પરિવાર તેમજ વોટસેપના માધ્યમ દ્વારા પૂરી પાડવામાં આવશે.

વર્ષ ૨૦૨૩ માં યૂથ ફોરમ દ્વારા 'ગાતા રહે મેરા દિલ' શીર્ષક અંતર્ગત એક સુંદર Karaoke Musical Event નું આયોજન કરવામાં આવેલ અને તેના દ્વારા સમાજની કેટલીક પ્રતિભા એ તેઓની સંગીત કલાને ઉજાગર કરેલ, અને યૂથ ફોરમ ની આ સુંદર પ્રવૃત્તિ ના ફળ સ્વરૂપે કેટલાક મિત્રોએ 'સૂરીલી સંગત' નામના ૪૭ સમાજનાં જ સભ્યો માટેના એક ગ્રૂપની સ્થાપના કરી અને ત્યારથી લઈ ને આજ દિન સુધી દર બે મહિને તેઓ Karaoke Music નો કાર્યક્રમ આયોજતાં રહેલ છે. સમાજની અન્ય કોઈ વ્યક્તિ પણ આ પ્રવૃત્તિમાં રસ ધરાવતી હોય, ગાવા અંગેનો શોખ હોય અને એકંદરે સારું ગાઈ શકતા હોય અને આ ગ્રૂપમાં જોડાવાને આતુર હોય તો તેઓ ચોકકસ પણે ભાવિક શાહ (૯૮૨૫૧૫૭૫૩૪) નો સંપર્ક કરી શકે છે.

## શ્રી મહેસાણા પ્રાંત જૈન દશા શ્રીમાળી જ્ઞાતી મહિલા મંડળ







તા.૦૪-૦૬-૨૦૨૪, મંગળવારના રોજ બાળકોની રમત-ગમતનો પ્રોગ્રામ રાખવામાં આવેલ હતો. જેમાં ૬૦થી વધુ બાળકોએ ભાગ લીધો હતો. પ્રોગ્રામમાં બાળકો તેમજ મહિલામંડળની બહેનો ખૂબ મોટી સંખ્યામાં (૧૩૦) હાજર રહ્યા હતા. દરેક બાળકોની કેટેગરી પ્રમાણે ગેમ રમાડી હતી. સાથે મ્યુઝીકલ ચેર અને હાઉસી પણ રમાડી હતી. બધાં બાળકોને ખૂબ મજા આવી હતી. બાળકોને ગેમ પીન્કીબેન અને ફાલ્ગુનીબેને રમાડી હતી અને સોનલબેને હાઉસી રમાડી હતી.

અલ્પાહારના દાતા કાન્તાબેન શશિકાન્તભાઈ ગાંધીના સુપુત્રી અલકાબેન હીતેશભાઈ ગાંધી હાજર રહ્યા હતા. બાળકોની ગેમનું ઈનામ વિતરણ અલકાબેનના હસ્તે કરવામાં આવેલ હતું. અલકાબેન હિતેષભાઇ ગાંધી નું બહુમાન મંડળ ના પ્રમુખ શ્રીમતી પ્રવીણાબેન ગાંધી અને ઉર્મિલાબેન શાહે કર્યું હતું.ત્યારબાદ બાળકોએ રમત-ગમત પછી અલ્પાહારની મજા માણી હતી. મહિલા મંડળના પ્રમુખશ્રી પ્રવિણાબેન ગાંધીએ પધારેલ બાળકો તેમજ બહેનોનું અભિવાદન કર્યું હતું.

દેવલબેન કે. શાહ-મંત્રી ● સોનલબેન એસ. શાહ-સહમંત્રી

## બદલાયેલા સરનામા

**અમદાવાદ**

**બીપીનચંદ્ર છોટાલાલ શાહ..............................(ઉનાવા)**
"માણેક"૧૪, ડાહ્યાલાલ પાર્ક, જુના ઢોરબજાર પાસે, શાહઆલમ ટોલનાકા, કાંકરીયા રોડ, અમદાવાદ-૩૮૦૦૨૨.
મો.: ૯૯૭૮૦૭૭૭૪૧, ૯૭૨૫૪૧૬૪૧૯

**અમદાવાદ**

**મનીષભાઈ કેશવલાલ શાહ..................................(કમાણા)**
એ-૩૫૦૨, કનકીયા લેવલ્સ,રાનીસતી માર્ગ, પાસપોર્ટ ઓફીસની સામે, મલાડ (ઈસ્ટ), મુંબઈ-૪૦૦૦૯૭ મો.: ૯૮૧૯૩૧૯૧૧૧

**રૂષભ સુમતીલાલ શાહ.......................................(મણુંદ)**
૧૧૩, મોનાર્કસીટી-૨, શાન્તિ એશીયાટીક રોડ, કલબ ૦૭ની પાછળ, શેલા, અમદાવાદ-૩૮૦૦૫૮. મો.: ૯૮૨૪૦૨૩૨૩૭

**ધીરેશભાઈ કાન્તીલાલ શાહ ..............................(ભાલક)**
એ-૩૦૪, સ્પર્શ એરાઈઝ, મ્યુ. હોલની સામે, રત્નમ ફ્લેટની બાજુમાં, વાસણા, અમદાવાદ-૩૮૦૦૦૭. મો.: ૯૮૨૪૦૦૨૯૧૨

**બસ સમજણ નો જ તફાવત હોય છે, બાકી સમસ્યાઓ તમને કમજોર કરવા નહીં પણ મજબુત કરવા માટે આવતી હોય છે !!**

## સમયને સરતા કોઈવાર નથી લાગતી

તમે જો સમય નહીં કાઢો તો સમય તમારા હાથમાંથી સરકી જશે. જ્યારે સમય હશે ત્યારે શક્તિ નહિ હોય. જીવી લેવા જેવી ક્ષણોમાં તમે જીવી નહીં લો તો એકક્ષણ એવી આવશે કે એ ક્ષણને તમે જીરવી નહીં શકો. ધર્મની વાત આવે ત્યારે જ "સમય નથી" એવી ફરિયાદ તમે ભલે કરો પણ જીવનમાં એક ક્ષણ એવી આવશે કે સમય સિવાય તમારા પાસે કંઈ જ નહીં બચ્યું હોય !

રાત્રે સૂતા પહેલા એકવાર તો વિચારો આજે મારા હાથે કયું સુકૃત થયું? જિંદગી કઈ ક્ષણે કયું રૂપ ધારણ કરી લેશે એની આપણને ખબર નથી. એટલે રોજ થોડા અને ધીમે ધીમે બદલાતા જઈએ. જીવનમાં બદલાવ જરૂરી છે. થોડું વાંચન, થોડી ક્રિયા, થોડી આરાધના, થોડી વૈયાવચ્ચ, થોડી પ્રભુભક્તિ, થોડો મહાત્માનો સંગ, થોડું પ્રવચન શ્રવણ, થોડું થોડું કરતાં પણ ઘણું ઘણું મેળવી શકીએ તેમ છીએ. શરત એટલી કે આ બધું સાતત્યસભર રહેવું જોઈએ. અત્યારે સમય તમારા હાથમાં છે. તમે સમયના હાથમાં

ચાલ્યા જાઓ એ પહેલાં જાગી જાઓ.

સમય બડા બલવાન હૈ,
નહીં મનુષ્ય બલવાન;
કાબે અર્જુન લૂંટિયો,
વહી ધનુષ - વહી બાણ !

રિક્ષામાંથી ઊતરીને ઘરની બહાર ઊભી રહીને નેહા પર્સમાંથી ચાવી બહાર કાઢતી હતી ત્યાં તો બાજુવાળાં સરલાબહેન બહાર આવી ગયાં.

'આવી ગયાં, બેટા?'

'હા, માસી, આવી ગયાં.' નેહાએ પરાણે મોં મલકાવતાં જવાબ આપ્યો.

ઘરનું તાળું ફટાફટ ખોલીને નેહા ઘરમાં આવી ગઈ. હિરેન થોડી વાર પછી ઘરમાં આવ્યો. ત્યાં સુધીમાં નેહાએ ઘરમાં આંટો મારી લીધો હતો.

'ક્યાં રોકાઈ ગયો હતો, હિરેન? રિક્ષાવાળાને પૈસા આપતાં આટલી બધી વાર?'

'અરે સરલામાસી સાર્થકના ખબર પૂછતાં હતાં. એમની સાથે વાતો કરવા રોકાઈ ગયો.'

'પંચાતિયા, છીછરાં માણસો. અવાજ સાંભળીને ફટાફટ બધાં ઘરની જાળીઓ ખૂલી ગઈ. મને આવેલી જુએ છે તો પણ પૂછે છે, 'આવી ગયાં? કામ હોય તો કહેજો.' અરે આવ્યાં છીએ તો જ તમારી સામે ઊભાં છીએ ને ?'

'અરે પણ તું આમ અકળાઈ કેમ જાય છે? એવું પૂછવાની રીત છે. એમને તારી સાથે કૈંક વાત કરવી હોય. તું પણ બે મિનિટ ત્યાં ઊભી રહી હોત તો! કેટલી લાગણી રાખે છે! આપણે ફોન કર્યો એટલે ઘર કેવું સરસ સાફ કરાવીને રાખ્યું છે! નહીં તો અવાવરું ઘરમાં આપણે ઊભાં પણ ન રહી શકત.' હિરેને ઘરમાં ફરતાં જવાબ આપ્યો.

'તે એમણે થોડું સાફ કર્યું હશે? એમની કામવાળી પાસે કરાવ્યું હશે. તે આપણે એના પૈસા તો આપી જ દઈશું ને?'

હીંચકા પર ઝૂલવા માંડેલી નેહા કોઈ રીતે મચક આપવા તૈયાર ન હતી.

'ચલ હું ચાની વ્યવસ્થા કરું છું. એક વાર ચા પી લઉં પછી બીજું આગળનું કામ સૂઝશે.'

ત્યાં તો સરલાબહેન હાથમાં ચાની કીટલી અને બે મગ લઈને દાખલ થયાં.

'હિરેન, નેહા, મુસાફરીમાં થક્યા હશો. પહેલાં ચા પી લો. સાંજની રસોઈ પણ હું મોકલી આપીશ. તમારું આ માટલું નવું જ લાવી છું અને આરોના પાણીથી ભર્યું છે હોં! અહીં છો ત્યાં સુધી મારે ઘેરથી જ પાણી ભરી જવાનું.'

સરોજબહેને હાથમાં પકડાવેલી ચાનો એક ઘૂંટડો ભરતાં જ હિરેનથી બોલાઈ ગયું, 'વાહ! મમ્મી યાદ આવી ગઈ.'


'તે આવે જ ને બેટા. હું ને તારી મમ્મી ચાનો મસાલો સાથે જ બનાવતાં. અરે બાર મહિનાનાં અથાણાં, કાતળી, દિવાળીનો નાસ્તો, બધું સાથે જ બનાવતાં અને પછી બે ભાગમાં વહેંચી લેતાં. સાથે સાથે કામ ક્યાં પતી જાય ખબર પણ ન પડતી.'

'મને યાદ છે માસી.' હિરેનનો અવાજ થોડો રૂંધાયેલો નીકળ્યો.

સરોજબહેને હિરેનના માથે હાથ ફેરવ્યો અને 'હવે હું રસોઈની તૈયારી કરવા માંડુ' કહીને ઘેર ગયાં. નેહાએ હિરેન તરફ જોયું અને અંગૂઠા ઉપર આંગળી પેરવીને પૈસાનું પૂછવા માટે હિરેનને ઈશારો કર્યો. એ જોયું ન જોયું કરીને હિરેન ક્યાંક ખોવાઈ ગયો હોય એમ સામેની ભીંત તરફ તાકતો બેસી રહ્યો. પર્સમાંથી ચાવીઓનો ગુચ્છો કાઢીને નેહાએ તિજોરી ખોલી.

'હિરેન, આ જો. ઘરનો દસ્તાવેજ મળ્યો. હાશ, હવે શાંતિ થઈ, મને તો હતું કે મમ્મી પપ્પા બહુ ભણેલાં ન હતાં. એટલે કશું ઠેકાણે નહીં હોય. પણ આ તો સરસ મજાની ફાઈલમાં મૂકેલો છે.' નેહાના અવાજમાં એકદમ ઉત્સાહ છલક્યો.

હિરેને દસ્તાવેજ હાથમાં લીધો પણ એનાં પાનાં ફેરવી ન શક્યો. નેહા માટે જે સમાચાર આનંદના હતા એજ સમાચાર એને પીડા આપી ગયા. 'હવે દેશનું ઘર વેચી નાખીએ.




ત્યાં જઈને રહેવાના જ નથી તો ઘર રાખીને શું કરીશું?' એવી નેહાની જીદને તાબે થઈને એ અહીં આવી તો ગયો હતો પણ મનોમન ઈચ્છતો હતો કે ઘરનાં કોઈ કાગળીયાં જ ન મળે તો સારું, એને ખબર હતી કે એ બધું મેળવવાની પ્રક્રિયા બહુ લાંબી હોય. મહિનાઓ વીતી જાય. નેહા એટલો સમય અહીં રહે નહીં અને ઘર વેચવું ન પડે. એમના ગયા પછી છોકરાંઓને જે કરવું હોય એ કરે. એનું આખું બાળપણ આ ઘરમાં ગયું હતું. માત્ર માતા-પિતા નહીં, પડોશીઓનો પ્રેમ પણ એને એટલો જ મળ્યો હતો. આખો મહોલ્લો એક પરિવાર હતો. એની સામે ત્યાં મુંબઈમાં એક જ ઘરમાં એટલાં વર્ષો સુધી રહ્યા છતાં લિફ્ટમાં મળી જતાં માણસોમાંથી એ ભાગ્યે જ કોઈને ઓળખતો હતો. એમના બિલ્ડિંગમાં એકલાં રહેતાં એક માજી ગુજરી ગયાં હતાં તો બે દિવસ સુધી કોઈ ખબર પણ ન હતી પડી. એની તો ઈચ્છા હતી કે નોકરીમાંથી નિવૃત્ત થયા પછી અહીં જ આવીને રહેવું. અને આ પણ હવે ગામડું ક્યાં હતું? સરસ મજાનું ટાઉન હતું. બધું જ મળતું હતું. ઘરમાં મોટર મુકાવી ચોવીસ કલાક પાણીની સગવડ કરાવી લેવાય. એના પેન્શનમાંથી સરસ જિંદગી જાય. પણ નેહા? એ તો આ ઘર વેચવાની જીદ લઈને બેઠી હતી. એમાંથી જે પૈસા આવે એમાંથી એને મુંબઈના ફ્લેટમાં થોડા ફેરફાર કરાવવા હતા. મોટી બાલ્કનીમાંથી એક રૂમ બનાવવો હતો. ટૂંક સમયમાં સાર્થકનાં લગ્ન હતાં એટલે એક વધારાના રૂમની જરૂર હતી. જોકે એ તો એ બધી તોડફોડ કરવાની ના જ પાડતો હતો. પણ એમ થોડું ચાલે?

'તે હેં હિરેન, મમ્મી આ સરોજમાસીની સાથે બધું બનાવતાં હતાં તો પછી એ લોકો ખર્ચાની વહેંચણી કેવી રીતે કરતાં હશે? મને લાગે છે કે મમ્મી જ વધારે પૈસા આપતાં હશે.' નેહા પણ હિરેન સાથે હીંચકે ગોઠવાઈ.

'ખર્ચાની વહેંચણી કેવી રીતે કરતાં હશે, કરતાં હશે કે નહીં, કોણ વધારે કે કોણ ઓછું આપતું હશે એની મને કશી જ ખબર નથી. હા, પ્રેમની વહેંચણીની મને ખબર છે. અને એ તો મને સાવ મફતમાં બધા જ પાસેથી અઢળક મળ્યો છે. પણ તારી ગાડી ફરીફરીને પૈસા પાસે જ કેમ અટકી જાય છે? રસોઈ માટે પણ તું માસીને પૈસાનું પૂછવાનું કહેતી હતી એ મારા ધ્યાન બહાર નથી. એક વાર મમ્મી બહુ બીમાર હતી ત્યારે પૂરા મહિના સુધી મને અને પપ્પાને પડોસીઓએ જમાડ્યા હતા, એ પણ એક પણ પૈસો લીધા વગર.' 'પૈસો' ઉપર ભાર આપીને હિરેન બોલ્યો.

'પણ મને એમ કે એ લોકો બિચારા ગરીબ.'

'કેમ, મુંબઈમાં ધારાવી છે ને? એમ અહીં પણ પૈસાવાળા માણસો હોય. આમ તો પ્રેમ હોય ત્યાં બધું જ આવી મળે. માસીની પાસે તું મહેરબાની કરીને પૈસાની વાત ના કરતી.' હિરેનના અવાજમાં ભારોભાર ચીડ હતી.

નેહાનું મોં ચડી ગયું.

'હું જરા મયંકને મળીને આવું છું. એને મેં નીકળતાં પહેલાં ફોન તો કર્યો જ હતો. કોઈ ઘરાક ધ્યાનમાં હોય તો પૂછતો આવું.'

નેહાની વાતોથી ગૂંગળામણ થતી હોય એવી રીતે હિરેન ઘરની બહાર નીકળી ગયો. આ ગામમાં આવીને જૂની યાદો એના રુક્ષ થઈ ગયેલા હૃદયવૃક્ષની આસપાસ લીલીછમ લતાઓની જેમ વીંટળાઈ ગઈ હતી. માસીને મળીને તો આખું બાળપણ એની નજર સામે કુદકા મારવા માંડ્યું હતું. એ બાળપણ લઈ આવ્યું હતું. દિવાળીના નાસ્તા અને ફટાકડાની લૂમો, ઉતરાણના પતંગ અને ધાબા ઉપરની ઊંધિયું અને કચોરીની મિજબાની, તલ સાંકળીના ટુકડા જાણે દાંતમાં આવીને ભરાઈ

જતા હતા. હોળીની અગ્નિશિખાના રંગ આંખોમાં ભરાઈ જતા હતા અને કેસૂડાનું ઠંડું જળ એના અસ્તિત્વને કેસરિયા રંગથી રંગી નાખતું હતું. નવરાત્રીના ઢોલ એના કાનમાં આવીને વાગતા હતા. મેળાના ચકડોળમાં એ ઉપર નીચે થતો હતો અને છેલ્લે પપ્પા એને કાન પકડીને ઘેર લઈ જતા હતા. ધોધમાર વરસાદમાં નહાયા પછી ઘેર જાય ત્યારે મમ્મી ફિકર ભરેલા ઠપકાની સાથે સૂંઠની ગોળી પણ ખવડાવી દેતી હતી. એક વાર પરીક્ષામાં નાપાસ થયો અને પપ્પા બહુ ગુસ્સે થયા હતા ત્યારે આ સરોજમાસી એમના હાથમાંથી છોડાવીને એમને ઘેર લઈ ગયાં હતાં. 'બકુ કંઈ તમારા એકલાનો નથી, અમારો પણ છે હું તમને એમ એને મારવા નહીં દઉં' એમ કહીને રડતા. બકુને એમણે સુખડી કરીને ખવડાવી હતી અને પછી ભણવા માટે સમજાવ્યું પણ હતું. નેહા, એ બધા માટે કોને કેટલા પૈસા આપશે?

મયંકને મળીને આવ્યા પછી હિરેન વધારે બેચેન થઈ ગયો હતો. એને ઘર ખરીદવા માટે બે ત્રણ ઘરાક મળી ગયા હતા. આવું કેમ થતું હતું? આવતાંવેત દસ્તાવેજ મળી ગયો, ઘરાક પણ તૈયાર હતા, હવે ઊંચી કિંમત રાખીને ઘર બચાવી શકાય. પણ નેહા એ માટે તૈયાર થશે? દસ્તાવેજ જડશે નહીં અને જડશે તો આ જૂનું ઘર લેવા કોઈ તૈયાર નહીં થાય એવું ધારીને પોતે મુંબઈમાં એને એક રકમ કહી હતી. હવે એનાથી આંકડો વધારી દેશે તો નેહા હજારો પ્રશ્ન કરશે. અને આમ જુઓ તો એની વાત ખોટી પણ શું હતી? એ તો ક્યારેય મુંબઈ છોડીને અહીં આવવા તૈયાર થવાની ન હતી. પોતે અહીં એકલો કેટલું રહી શકે? એવું રહેવાનો અર્થ પણ શો? ઉંમર વધવાની સાથે માંદગી પણ આવી શકે. એવા સંજોગોમાં તો શહેરમાં જ રહેવું સારું. જો કે અહીં રહેતા માણસો પણ બીમાર તો પડતા જ હશે ને એ બધાનો ઈલાજ પણ થતો જ હશે. ઊલટું આવા ટાઉનપ્લેસમાં ડૉક્ટર વધારે વિશ્વાસુ હોય.

હિરેન ઘેર આવ્યો ત્યારે સરોજબહેનને ઘેરથી ટિફિન આવી ગયું હતું. એમના હાથની ભાખરી અને શાક ખાઈને એની મમ્મી વધારે યાદ આવી ગઈ. માસીએ શીરો પણ બનાવીને મોકલ્યો હતો, ગોળનો, એકદમ મમ્મી જેવો. નેહાને પણ જમવાનું ભાવ્યું. હિરેને એને ઘર માટે ઘરાક મળી ગયાં છે એની વાત ન કરી. નેહા પણ કૈંક બીજી જ વાતો કરવાના મૂડમાં હતી એટલે પૂછ્યું પણ નહીં.

'હિરેન, હું છે ને માસીની ચાની કીટલી અને મગ પાછા આપવા એમના ઘરમાં ગઈ હતી, આમ તો મને એ નાની કીટલી એટલી બધી ગમી ગઈ ને કે મારે એ ક્યાંથી લીધી એવું પૂછવું હતું. મને તો હતું એમના કોઈ સંબંધી પરદેશથી લાવ્યા હશે. પણ એમણે તો અહીંથી જ લીધી છે. કહે છે કે 'વિરાટ' મોલમાં મળે છે. અહીં મોલ પણ હશે એવી તો મને ખબર જ ન હતી. લગ્ન પછી આપણે અહીં થોડા દિવસ રહ્યાં હતાં ત્યારે તો આ કેવું નાનું ગામ હતું? અને હિરેન, માસીને ઘેર તો ૪૨ ઈંચનું મોટું ટી.વી. અને થ્રી ડોર ફ્રીઝ છે. એમનો દીકરો, શું નામ એનું – મનીષ સી.એ. થયો છે. વહુ ઘેર કૂકિંગ ક્લાસ ચલાવે છે. એમની દીકરી રુચી ભણે છે અને બ્લોગર પણ છે, બોલ! એમાં પણ એને સારા પૈસા મળે છે. આ ગામમાં ઈન્ટરનેટની આવી સગવડ હશે એવી તો મને ખબર જ ન હતી. જો કે આટલી કમાણી હોવા છતાં આ લોકો અમુક કામ હાથે કરે છે. એવું કેવું? એવી કંજુસાઈ શું કરવાની? અહીં તો કામવાળા એટલા મોંઘા નહીં હોય.'

'તુંય ખરી છે નેહા. પહેલાં માસીની સાદગી જોઈને તને લાગ્યું કે એ લોકો ગરીબ છે. હવે ઘર જોઈને આવી તો કંજૂસ લાગે છે. દરેક દરેકની રહેવાની રીત હોય. મારી મમ્મી પણ બધું કામ જાતે કરતી હતી. એ એમ માનતી હતી કે કામ કરીએ તો શરીર સારું રહે. પાછી ચાર ગરીબ છોકરાંની સ્કૂલની ફી ભરતી હતી. એને તું શું કહીશ, કંજૂસ?'

હિરેને મનનો બધો ઉકળાટ નેહા ઉપર ઠાલવી દીધો. બંને જણાએ ચૂપચાપ જમી લીધું.

બીજા દીવસથી ઘરમાં ઘર જોવા આવવા માટેના ઘરાકોની અવરજવર ચાલુ થઈ ગઈ. સરોજમાસીના સૂરજની જેમ ચમકતા ચહેરા ઉપર ગ્રહણ લાગી ગયું હતું. એ ઘરમાં આવતાં, ચારેબાજુ ફરતાં અને નિસાસો નાખીને પાછાં જતાં રહેતાં. નેહા રુચિને લઈને રોજ શોપિંગ માટે નીકળી જતી હતી અને ઢગલો વસ્તુઓની ખરીદી કરી લાવતી હતી.

'હિરેન આ તો જો, મુંબઈ કરતાં અડધા ભાવમાં મળી ગયું.'

આવી ક્રોકરી હું કેટલાં વખતથી શોધતી હતી, પણ મને ત્યાં તો ક્યાંય જોવા જ ન'તી મળતી.

અહીં તો જ્યાં જવું હોય ત્યાં રિક્ષાના ત્રીસ રૂપિયા. સાઠ રૂપિયામાં તો આખું બજાર ફરીને આવી જવાય. સમય પણ ના બગડે.'

હિરેનને એક ઘરાક સાથે લગભગ બધું નક્કી જેવું થઈ ગયું હતું. બીજા દિવસે આવીને એ બાનાનો ચેક આપી જવાનો હતો. રાત્રે એ અને નેહા હીંચકે બેઠાં હતાં ત્યાં સરોજમાસી એમના મનીષને લઈને આવ્યાં.

'હિરેન, બેટા, પછી ઘર કેટલામાં આપવાનું ફાઈનલ થયું?'

હિરેન એની રકમ બોલ્યો. માસીએ એમના દીકરા સામે જોયું, ચાર આંખોએ વાત કરી લીધી અને મનીષે ધડાકો કર્યો, 'હિરેનભાઈ, હું એટલી રકમ તમને આપવા તૈયાર છું. આ ઘર મને આપી દો.'

હિરેન અને નેહા ડઘાઈને એકબીજાની સામે જોવા માંડ્યાં.

'જો બેટા, આમ પણ અમે સોસાયટીમાં હવે એક ઘર લેવાનું વિચારતાં જ હતાં. છ મહિનામાં મનીષનો ધ્રુવ અમેરિકાથી ભણીને પાછો આવી જશે અને એનાં લગ્ન થશે. પછી અમને ઘર નાનું પડશે. એટલે અમે એમ વિચાર્યું કે આ જ ઘર કેમ ન લઈ લઈએ? તમે વેચવાની વાત કરી ત્યારથી આમ પણ મારું મન દુભાતું હતું.'

સરલાબહેનનો અવાજ રૂંધાઈ ગયો એટલે મનીષે આગળ ચલાવ્યું, 'આમ પણ મમ્મી અને મહોલ્લો છોડીને સોસાયટીમાં રહેવા જવા હું કે ધ્રુવ, કોઈ તૈયાર નથી. કોણે રહેવા જવું એ ચિઠ્ઠી નાખીને નક્કી કરવાનું હતું. એટલે અમે વિચાર્યું કે આ જ ઘર કેમ ના લઈ લઈએ? મમ્મી પણ ખુશ અને અમે પણ ખુશ.'

હિરેન અને નેહાના ગળામાંથી તો જાણે સ્વરપેટી જ અદૃશ્ય થઈ ગઈ હતી.

'તમે વિચાર કરીને કહેજો, હિરેનભાઈ.'

એમના ગયા પછી હિરેન અને નેહા એકબીજાની સામે જોયાં વિના હીંચકે બેસી રહ્યાં. હિરેનને લાગતું હતું કે એ અરીસામાં પણ પોતાના પ્રતિબિંબ સાથે આંખ નહીં મેળવી શકે. એક પડોસીને ઘરની, એમની વ્યક્તિઓની આટલી માયા અને પોતે ! શું કરવા બેઠો હતો? મુંબઈના ઘરનું રિનોવેશન તો એ પોતાની બચતમાંથી પણ કરાવી શકે. સાર્થકનું પેકેજ તો પહેલેથી જ બહુ મોટું હતું. એ પણ કરાવી શકે. લોન આરામથી મળે. આ ઘર વેચવું એ જ એક માત્ર ઉપાય હતો?

બીજે દિવસે સવારે એણે મયંકને મલીને ઘર પેલા ઘરાકને વેચવું એમ જણાવી જ દીધું. એ ઘેર આવ્યો ત્યારે નેહા રડીને બેઠી હોય એવું લાગતું હતું.

'નેહા, શું થયું? આપણે ઘર વેચવાનું માંડી નથી વાળ્યું. ખાલી માણસ બદલાય છે.'

'પણ મને આ છલોછલ છીછરા માણસો ગમવા માંડ્યાં છે, હિરેન. અને આમ પણ હવે ઘર વેચીને શું કરીશું?'

'કેમ, શું થયું?'

જવાબમાં નેહાએ એના ફોન ઉપર આવેલો સાર્થકનો વોટ્સએપ મેસેજ હિરેનને વંચાવ્યો.

'મમ્મી, એક ગુડ ન્યુઝ આપું છું. મેં અને કોષાએ અંધેરીમાં એક ફ્લેટ જોઈ રાખ્યો છે. બેન્કમાંથી લોન મળે છે અને પગારમાંથી સીધો હપ્તો કપાશે. ઈન્કમટેક્સમાં પણ ફેર પડી જશે. તમે આવો પછી જોવા લઈ જઈશ. રાત્રે નિરાંતે વાત કરીશું.'

હિરેન નેહાની સામે જોઈ રહ્યો. અચાનક નેહા ઊભી થઈ અને ચાલવા માંડી.

'ક્યાં જાય છે?'

હું માસીને કહીને આવું કે 'હવે તમારે તમારી બહેનપણીના બંધ ઘર સામે જોઈને નિસાસા નહીં નાખવા પડે. હિરેન છ મહિનામાં નિવૃત્ત થાય છે. પછી અમે મોટા ભાગે અહીં જ રહીશું.'

હિરેન નેહાની ચાલમાં આવેલી નવી મક્કમતા જોઈ રહ્યો.



# અભિનંદન

સ્વ.હર્ષદ રતીલાલ શાહ ના પૌત્ર (ખરોડ)

અને

મનીષ હર્ષદ શાહ તથા ડૉ.મનાલી મનીષ શાહ ના પુત્ર

## આયુષ એટલે કે દીર્ઘાયુષ...

દાદા, દાદીનું વ્યાજ તથા

શાહ પરિવારનું રત્ન....

આયુષે IIT માટેની પરીક્ષા પાસ કરી

અને ઓલ ઈન્ડીયા લેવલે

(AIR 1067) રેન્ક પ્રાપ્ત કર્યો

અને IIT બોમ્બે - પવઈ ખાતે

B-Tech મીકેનીકલ શાખામાં

પ્રવેશ મેળવ્યો છે.

તે બદલ ખુબ ખુબ અભિનંદન...

## આયુષ મનીષ શાહ

આયુષ તું તારી પ્રબળ ઈચ્છાશક્તિનાં કાર્યો જ સામાન્યમાંથી અસામાન્ય બનાવે છે. આજે તેં શાહ પરિવારના કુળને દીપાવીને 'કુળદીપક' નું કામ કર્યું છે. સ્વર્ગસ્થ હર્ષદકાકા તેમજ શાહ પરિવારે જે સત્કર્મો કર્યા છે. તેના પરિણામ સ્વરૂપે તને અહીં જોતાં આ પરિવાર ગૌરવ અને આનંદની લાગણી અનુભવે છે. ઓલ ઈન્ડિયા લેવલે આ રેન્ક લાવવો એ તારી અકલ્પનીય સિદ્ધિ છે. તને તારી મહેનત અને દ્રઢતાનું ફળ મળ્યું છે. તમે ભવિષ્યમાં હજી વધુ સફળતા પ્રાપ્ત કરી સમાજ તથા દેશની સેવા કરો તેવા અંતઃકરણનાં આશિર્વાદ...

શાહ પરિવારનાં બધા જ સભ્યોને તારા માટે ગર્વ છે.

## સ્વ.સુભદ્રાબેન રતીલાલ શાહ

સ્વ.હર્ષદભાઈ રતીલાલ શાહ
શ્રી નવિન રતીલાલ શાહ
સ્વ.દિલીપ રતીલાલ શાહ

શ્રીમતી પ્રતિમા હર્ષદ શાહ
શ્રીમતી જયશ્રી નવિન શાહ
શ્રીમતી સોનલ દિલીપ શાહ

શ્રી મનીષ હર્ષદ શાહ C.A.
ડૉ.મનાલી મનીષ શાહ

સૌથી અલગ છે મારો ભાઈ
સૌથી વ્હાલો છે મારો ભાઈ....
ખુશી મનીષ શાહ (બહેન)

ડૉ.શીતલ કેતન પારેખ
નેહા પિનાંક દોશી
શ્વેતા વિશાલ શાહ

ડૉ.નિશા ચિંતન ઉપાધ્યાય
ડૉ.પુજા ધવલ શાહ

અમીત નવીન શાહ C.A.
ધ્વનિ અમીત શાહ

## અનુમોદના... અનુમોદના... અનુમોદના...

રૂા.૫૦૦૦/-


સ્વ. હસમુખલાલ ચીમનલાલ શાહ (બોકરવાડા) અમદાવાદ

સ્વ. હસમુખલાલ ચીમનલાલ શાહ કોલસાવાળા (બોકરવાડા) અમદાવાદની તેરમી પુણ્યતિથિ નિમિતે તેમના આત્મશ્રેયાર્થે સરલાબેન હસમુખલાલ શાહ પરિવાર હસ્તે નિલેશભાઈ, અમિતભાઈ તરફથી સાધર્મિક સહાય સ્કીમ દ્વારા અપાતા અનાજ-કરિયાણું વિગેરે ખાદ્ય સામગ્રી સાથે રોકડ રકમ આપવા માટે રૂા.૫૦૦૦/- મળ્યા છે. સદ્ગતે આપણા મંડળમાં ઘણી જ સેવાઓ આપેલ છે. દર્દીઓ અને સાધર્મિક ક્ષેત્રે હરહંમેશ જાગૃત રહી અને સહાયરૂપ રહેવા ઉપરાંત અનેકને પ્રેરણા કરી દર્દીઓને અને સાધર્મિકો પ્રત્યે વિશિષ્ટ લાગણી દર્શાવતા હતા. પ્રભુ સદ્ગતનના આત્માને ચિર:શાંતિ આપે અને પરિવારજનોને આવા સત્કાર્યો કરવાની પ્રેરણા આપે તેવી પ્રાર્થના.

## શ્રી મહેસાણા પ્રાંત જૈન દશા શ્રીમાળી જ્ઞાતિ મંડળ, અમદાવાદ







અમદાવાદ મહેસાણા પ્રાંત જૈન દશા શ્રીમાળી જ્ઞાતિ મંડળ, વાસણા હોલ અને કૃષ્ણનગર ખાતે બાળકો માટે ચોપડા વિતરણ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું.જેમાં સમાજના મોટા ભાગના પેરેન્ટ્સ અને બાળકોએ આ સેવાનો લાભ લીધો હતો.

### મળેલો સમય ના ગુમાવો

અનંતકાળનો થાક ઉતારવા આ મનુષ્યભવ મળ્યો છે. તક ના ગુમાવો, નહિતર ફરીથી અનંતોકાળ રખડવું પડશે. જ્યાં જીવો છે ત્યાંની ચિંતા કરવાને બદલે જ્યાં જવાનું છે ત્યાંની ચિંતા વધુ કરીબુદ્ધિનો સદ્ઉપયોગ ભવ સુધારી દેશે. હજુ આપણી પાસે સમય છે. આપણે સમય આવડત અને શક્તિનો ઉપયોગ કરીએ. કોઈ ભવમાં સમય મળ્યો હશે તો આવડત ના હોય તેવું પણ બને. કોઈ ભવમાં આવડત હશે તો સમ્યક્ સમજ નહિ હોય. કંઈ પણ બની શકે માટે મળેલા સમયનો સારો ઉપયોગ કરી લેવો જોઈએ.


**સાચા સંબધ ની સુંદરતા**
**એક બીજા ની ભૂલો સહન કરવા માં જ છે,**
**કારણ કે ભૂલ વગર નો મનુષ્ય શોધવા જશો તો**
**આખી જિંદગી એકલા જ રહી જશો.**

## મન વિશે મનન

પહેલું સુખ તે જાતે નર્યા (નરવા) તંદુરસ્ત રહેવા માટે આપણે શરીરની કાળજી લઈએ છીએ અને લેવી જોઈએ. પરંતુ શું આપણે તેટલી કાળજી મનની સ્વસ્થતા માટે લઈએ છીએ? ખરેખર તો શારીરિક તંદુરસ્તીનો આધાર માનસિક તંદુરસ્તી ઉપર પણ છે. આપ જાણો છો કે જેણે ઈન્દ્રીયો ઉપર જીત મેળવી હોય તે જૈન છે. પરંતુ જીભ, આંખ, કાન, નાક, સ્પર્શથી અનુભવતા સુખ-આનંદનો સ્વેચ્છાએ ત્યાગ કરવો અત્યંત કઠિન છે. રાગ-દ્વેષ, કામ કોધ, મોહ, માયા વગેરે ષટ્રિપુ આત્મ કલ્યાણમાં અંતરાયરૂપ બને છે. મન એટલું બધું ચંચળ હોય છે કે એક સેકન્ડ પણ સ્થિર રહેતું નથી. તેથી તો જ્ઞાનીઓએ મનને મર્કટ સમાન કહ્યું છે. મન સતત શુભ કે અશુભ, સારા કે ખોટા વિચારો કર્યા જ કરતું હોય છે. એક ફિલ્મીગીતમાં પણ સાચું જ કહ્યું છે કે- તોરા મન દરપન કહેયાયે, ભલે-બુરે સારે કર્મો કો દેખે ઔર દિખાયે અને મનસે કોઈ બાત છૂપે ના, મન કે નૈન હજાર, જગ સે ચાહે ભાગ લે કોઈ, મન સે ભાગ ન પાયે.... સંસાર ત્યજીને સાધુ-સંન્યાસી થયેલા વ્યક્તિ પણ મનમાં ઉદ્ભવતા વિચારો અને વિકારોથી મુક્ત થઈ શકતા નથી. મનને કાબૂમાં રાખવું કે મન ઉપર સંયમ-નિયંત્રણ રાખવાનું કામ અતિ દુષ્કર છે. ખરેખર તો મનની શક્તિ અપાર છે. જો તેનો સકારાત્મક ઉપયોગ થાય તો. તેથી જગતગુરુ શંકરાચાર્યે કહ્યું છે, “જેણે મન જીત્યું છે તેણે જગત જીત્યું છે.” મન ઝૂમે, મન બ્હાવરા, મન મિલાવે રામ સે, મન કરાવે ફજેત. મન કાયર, મન શૂર, મન કે હારે હાર હૈ, મન કે જીતે જીત. જે વ્યક્તિ મનને એકાગ્ર કરી શકે તે જ વ્યક્તિ વિપરિત સંજોગોમાં પણ, કોઈ પણ ક્ષેત્રમાં સફળ થઈ શકે છે. અડગ મનના મુસાફરને હિમાલય પણ નથી નડતો. ભૂતકાળમાં અને વર્તમાન સમયે પણ એવા અનેક દ્રષ્ટાંતો છે કે વિકલાંગ હોય કે ગરીબ હોય તેવા વ્યક્તિઓ પણ, મક્કમ મનથી મહેનત કરીને અશક્ય લાગતા કાર્યમાં અદ્ભૂત સફળતા મેળવે છે. જ્ઞાનીઓએ સ્પષ્ટ કહ્યું છે કે मन: एव मनुष्याणां कारणं बन्ध मोक्षय: । જીવાત્મા એક ભવમાંથી બીજા ભવમાં ફરી બંધનમાં પડે છે અથવા તો કોઈ જીવાત્મા ભવોભવના ફેરામાંથી મુક્તિ (મોક્ષ) પામે છે તેને માટે મન કારણરૂપ છે. પરંતુ મનને મક્કમ કરવું કે દઢ મનોબળ કેળવવું એ સહેલું નથી. તેને માટે નિર્દોષ, સંયમિત મિતાહાર, ઋષિ મુનિઓ કે સાધુ મહાત્મા જેવી નિષ્પાપ, સદાચારી, સહજ, પ્રાકૃતિક જીવનશૈલી ઉપરાંત નિયમિત યોગ, પ્રાણાયામ, ધ્યાન વગેરે આવશ્યક જ નહિ અનિવાર્ય છે.

– રમેશભાઈ સી. શાહ (કમાણા)

શ્રધ્ધાંજલિ... શોકાંજલિ.... હૃદયાંજલિ...



# મુકેશભાઈ જમનાદાસ શાહ

(ઉનાવા, હાલ : વડોદરા)

જન્મ તા.૨૭-૦૮-૧૯૫૪ - સ્વ.તા.૧૮-૦૬-૨૦૨૪

## અશ્રુભીની આંખે નિઃશબ્દ શ્રધ્ધાંજલિ

**સમસ્ત પિતામ્બરદાસ વસ્તારામ શાહ પરિવાર**

વાડીલાલ પિતામ્બરદાસ શાહ પરિવાર

સોમચંદ પિતામ્બરદાસ શાહ પરિવાર

અમૃતલાલ પિતામ્બરદાસ શાહ પરિવાર

(ઉનાવા)

॥ શ્રી શંખેશ્વર પાર્શ્વનાથાય નમઃ ॥

# સ્મૃતિ વંદના



## સ્વ. મુકેશભાઈ જમનાદાસ શાહ

સ્વ. તારીખઃ ૧૮-૦૬-૨૦૨૪

**નક્શ-એ-કદમ મેં અપના યહાઁ છોડ જાઉંગા**
**દુનિયા કે વાસ્તે હૈ જો ગુમનામ રાસ્તે**

શ્રી મુકેશભાઈ જમનાદાસ શાહ હવે આપણી વચ્ચે રહ્યા નથી.

વડોદરાની સંસ્કારી નગરીને આશરે ૫૦ વર્ષ સુધી પોતાની કર્મભૂમિ બનાવીને અનેકવિધ સેવાકીય પ્રવૃત્તિઓથી પોતાના જીવનને સાર્થક કરીને તેઓ એક અદ્ભૂત જીવન પામ્યા અને અને એ રીતે મૃત્યુને પણ પામ્યા.

સત્કર્મની એવી તો એક કેડી કંડારીને તેઓ ગયા છે જેના પર આવનારી આપણા સમાજની અનેક પેઢી કદમ મૂકવા માટે પ્રેરાશે. એક સુગંધીત, પરોપકારી, ધાર્મિક, કલ્યાણકારી અને જાહેર જીવનમાં સમર્પિત જીવનનું એવું તો એક અદ્ભૂત દ્રષ્ટાંત બનીને તેઓ જીવ્યા કે પ્રત્યેક વ્યકિતને એનું અનુસરણ કરવાનું ગમે.

એમના દેહાવસાનથી આપણા સમાજે એક સદ્પુરૂષ ગુમાવ્યો છે પરંતુ વડોદરા મંડળે એક આત્મીય વ્યકિત, એક પિતાતુલ્ય વ્યકિત, એક વિરાટ સ્તંભ અને એક મહાન જ્યોતિર્ધર ગુમાવ્યો છે. એમના જવાથી મંડળમાં જે શુન્યાવકાસ સર્જાયો છે એ શબ્દાતીત છે.

અરિહંત પરમાત્મા આ મહાન આત્માને શાંતિ અર્પે એવી સહૃદય પ્રાર્થના...

**શ્રી મહેસાણા જીલ્લા જૈન દશા શ્રીમાળી સુડતાળીસ જ્ઞાતિ મંડળ, વડોદરા**

| ભરતભાઈ સોમચંદ શાહ | પંકજભાઈ અમૃતલાલ શાહ |
| --- | --- |
| ઉપ-પ્રમુખ | મંત્રી |

**શ્રી મહેસાણા જીલ્લા જૈન દશા શ્રીમાળી સુડતાળીસ જ્ઞાતિ મહિલા મંડળ, વડોદરા**

| વિભાબેન એમ. શાહ | સુમિત્રાબેન વી. શાહ | જીજ્ઞાબેન કે. શાહ |
| --- | --- | --- |
| પ્રમુખ | ઉપ-પ્રમુખ | મંત્રી |

**સર્વે કારોબારી સભ્યો તથા વડોદરા મંડળના પરિવારજનો**

॥ શ્રી શંખેશ્વર પાર્શ્વનાથાય નમઃ ॥

# હાર્દિક શ્રદ્ધાંજલી



## સ્વ. મુકેશભાઈ જમનાદાસ શાહ

સ્વ. તારીખઃ ૧૮-૦૬-૨૦૨૪

આજે આપશ્રી અમારી વચ્ચે નથી પરંતુ એવું કેમ માની શકાય?

father never passes away. He always dwells in our hearts.

પિતા ક્યારે પણ દૂર-સુદૂર જતા નથી, તેઓ હર હંમેશ આપણા હૃદયમાં જ વસતા હોય છે.

અક્ષરદેહની યાત્રા પૂર્ણ કરીને આપ હવે જ્યારે અમારા હૃદયમાં સ્થિર થયા છો ત્યારે અમારી એકજ પ્રાર્થના છે કે અનેક વર્ષો સુધી આપે કંડારેલી સત્કર્મની કેડી પર અમે આગળ વધતા રહીએ અને આપના અધુરા કાર્યો, અભિપ્સા, મહત્વકાંક્ષા અને કલ્યાણ યાત્રાને પૂર્ણ કરવા કટીબદ્ધ બનીએ.

આપ અમારી વચ્ચે જ છો. એક વ્યક્તિત્વ રૂપે, એક સુગંધીરૂપે અને એક સ્મૃતિ રૂપે આપની સ્મૃતિને અમારા સૌના શત્ શત્ વંદન.

**વિભાબેન મુકેશભાઈ શાહ** (પત્ની)

**અમીત મુકેશભાઈ શાહ** (પુત્ર) **સુરભીત મુકેશભાઈ શાહ** (પુત્ર)

**અમી અમીત શાહ** (પુત્રવધુ) **કીમા સુરભીત શાહ** (પુત્રવધુ)

**જેનીશા | વિહાન | વિહાના | માયરા | આહના**

PAVILION HEIGHTS
Promoted by PADMAVATI HOUSING CORPORATION Building Dreams Since 1982
REKVINA PHARMACEUTICALS Because Health Matters
RADIANT PARENTERALS LTD

## શ્રદ્ધાંજલિ



મુકેશભાઈ જમનાદાસ શાહ
(ઉનાવા હાલ : વડોદરા)

મુકેશભાઈ જમનાદાસ શાહ (ઉનાવા, હાલ : વડોદરા), જ્ઞાતિમંડળ, વડોદરાના પ્રમુખ હતા એટલું જ નહીં સમગ્ર સુડતાલીસ જ્ઞાતિ મહામંડળના પણ પ્રમુખ હતા. વર્ષોના વર્ષો સુધી જ્ઞાતિમંડળ અને સમાજસેવા ક્ષેત્રે તેમનું તન-મન અને ધનથી કરેલા યોગદાન અમર રહેશે... અનેકને પ્રેરણારૂપ રહેશે. તેઓએ અનેકવિધ સામાજીક સંસ્થાઓમાં અગ્રેસર રહીને શૈક્ષણિક, ધાર્મિકક્ષેત્રે ઉદારતા પૂર્વક યોગદાન કર્યું છે. એટલું જ નહીં સ્વદ્રવ્યથી શિખરબંધી દેરાસર પણ બંધાવીને પૂણ્યાનૂબંધી પુણ્ય ઉપાર્જન કર્યું છે. સદ્‌ગતની ખોટ તેમના પરિવારને જ નહીં સમગ્ર જ્ઞાતિને પડી છે. તેઓની ઉપસ્થિતી નથી તેમ છતાં તેમના સત્કાર્યોની સુવાસ સદાય મહેંકતી રહેશે. પ્રભુ તેમના આત્માને શાંતિ આપે તેવી પ્રાર્થના...

શ્રી મહેસાણા પ્રાંત જૈન દશા શ્રીમાળી જ્ઞાતિ મંડળ, અમદાવાદ
શ્રી મહેસાણા પ્રાંત જૈન દશા શ્રીમાળી જ્ઞાતિ મહીલા મંડળ, અમદાવાદ

## ધાર્મિક સમાચાર

– શ્રી મણુંદ જૈન સંઘ, પૂના આયોજિત તિર્થયાત્રા પ્રવાસમાં આશરે ૭૫ યાત્રિકો જોડાયા હતા. તા.૧૦-૦૬-૨૦૨૪થી રાત્રે ટ્રેન દ્વારા અમદાવાદ થઈને ધાકડી તીર્થે તા.૧૧મી એ સવારે દર્શન-વંદન કરી નવકારશી વાપરી શ્રી શંખેશ્વર તીર્થે પ્રયાણ કર્યું. ત્યાં બપોરે જમણ કરી બપોરે ૨-૦૦ થી ૦૫-૦૦ દર્શન-પૂજા, ધાર્મિક અનુષ્ઠાનો કરી ચોવિહાર કરી રાત્રે ભક્તિ ભાવના કરી રાત્રે દાતાઓનો સન્માનનો કાર્યક્રમ ખૂબ જ હોંશ અને ઉત્સાહ સાથે ઉજવી, બીજા દિવસે વહેલી સવારે મણુંદ પહોંચી અઢાર અભિષેક, ધ્વજારોહણ સાથે પ્રભુભક્તિના રંગમાં રંગાઈ ગયા હતા. બપોરે શ્રી ખામલાઈમાતાના દર્શન કરી અમદાવાદ આવી, રાત્રે ટ્રેન દ્વારા પૂના પરત ફર્યા હતા અને તા.૧૩મી એ સવારે પૂના આવી સૌએ આ યાત્રા પ્રવાસનો અનેરો આનંદ વ્યક્ત કર્યો હતો. આ પ્રવાસમાં નવી યુવક સમિતિએ ખૂબજ ઉત્સાહ પૂર્વક કામગીરી બજાવી હતી. તેનો સૌએ આભાર વ્યક્ત કર્યો હતો.

## તમારો આભાર બીજા માટે ઈનામ છે

'આભાર' શબ્દમાં ઘણી શક્તિ હોય છે. જ્યારે તમે કોઈને એમ કહો છો તો તેનું આત્મસન્માન વધે છે. તમારા આભારથી તેને તેના વ્યવહારનું ઈનામ અને પ્રોત્સાહન મળે છે. આભાર કહેવાથી તમે એ વાતની સંભાવના વધારો છો કે તે એ કામ કરી કરશે. જો તમે નાની નાની બાબતો માટે લોકોનો આભાર વ્યક્ત કરો છો તો તેઓ ટૂંકમાં જ તમારા માટે મોટાં કામ કરવા લાગશે. લોકો તમારા માટે ગમે તે કરે, તેના માટે તેમને આભાર કહેવાની ટેવ પાડો.

## છે ને ગજબનું સેલ


"એક સાથે એક ફ્રી..", ગુસ્સો ખરીદો એસિડિટી ફ્રી..!
ઈર્ષા ખરીદો માથાનો દુખાવો ફ્રી, સ્ટ્રેસ ખરીદો બ્લડ પ્રેશર ફ્રી..!
વિશ્વાસ ખરીદો મિત્રતા ફ્રી..!, કસરત ખરીદો હેલ્થ ફ્રી..!
શાંતિ ખરીદો પ્રગતિ ફ્રી..!, પ્રમાણિકતા ખરીદો નિંદર ફ્રી..!

## પરિવાર પત્રિકા

તા.૦૮-૦૬-૨૦૨૪, શનિવારે રાત્રે ૮-૩૦ કલાકે પરિવાર પત્રિકા સંપાદન સમિતિની મીટીંગ મળી હતી. હાલના સમયમાં આ પરિવાર પત્રિકા પ્રિન્ટીંગ, ડિસ્ટ્રીબ્યુશન તેમજ અન્ય ખર્ચને પહોંચી વળવા હવેથી 6 c.m. x 9 c.m. ની સાઈઝમાં ફક્ત ધંધાદારી જાહેરાત રૂા.૬૦૦/-માં સ્વીકારવાનું સર્વાનુમતે ઠરાવવામાં આવ્યું છે.

જ્ઞાતિજનો આ અંગે નીચે દર્શાવેલ સંપાદન સમિતિના સભ્યોનો સંપર્ક કરી જાહેરાતો આપી શકશે.

પ્રમોદભાઈ એન. ગાંધી (રણુંજ) – ૯૩૨૭૦ ૭૭૦૫૪
બકુભાઈ સી. ગાંધી (સમોડા) – ૯૮૨૫૦ ૯૬૪૪૪
ભાઈલાલભાઈ એન. ગાંધી (સમોડા) – ૯૯૨૫૭ ૨૨૩૨૪
મીહીરભાઈ એચ. શાહ (બોકરવાડા) – ૯૯૯૮૨ ૫૮૫૫૫
ભાવેશભાઈ એમ. શાહ (ભાલક) – ૯૪૨૭૭ ૦૨૦૮૦

સ્ટ્રેચ ફિલ્મ રોલ • શ્રિંક ફિલ્મ રોલ • બોક્ષ સ્ટ્રેપિંગ રોલ • બારકોડ પ્રિન્ટર • પેકિંગ કલીપ (સીલ્સ) • બ્રાઉન ટેપ • સેલો ટેપ • પ્લાસ્ટિક સુતળી • પેકિંગ મશીન

BHARTI ENTERPRISE
All Branded Products under One Roof
Offi : 1072, Taliy's Pole, Inside Sarangpur Gate, Sarangpur, Ahmedabad-380 001.
Bhavesh Shah 9427702080 | Samir Shah 9428119996 | Harshul Shah 9104276548 | Parshwa Shah 8511998531
(BHALAK)

UNITY Small Finance Bank
SHAGUN DEPOSITS
ENJOY HIGHER FIXED DEPOSIT INTEREST* RATES.

| Teure | General FD Rates % p.a. | Senior Citizen FD Rates % p.a. |
|---|---|---|
| >6 Months - 201 Days | 8.50% | 9.00 % |
| 501 Days | 8.75% | 9.25% |
| 701 Days | 8.95% | 9.45% |
| 1001 Days | 9.00% | 9.50% |

Scheduled commercial Bank Deposits insured by DICGC up to Rs. 5 lakhs
WWW.THEUNITYBANK.COM
Shaikh Rahilhussain | M : 9265675035
Relationship officer | E : rahil.shaikh@unitybank.co.in
*Condition apply

ConnecToGreen
SERVICES
• Social Media Marketing
• Web Development
• Search Engine Optimization
• Performance Marketing
• Graphic Designing
+91 8849438207
www.connectogreen.com
connectogreen@gmail.com
Parshwa Shah (Pindharpura)
Saujanya
Jashvantlal P. Shah (Bhalak)

'દાદાજી, મોટો થઈને હું પણ તમારી જેમ બહુરૂપી બનીશ.' આઠ વર્ષના સૂરજે દાદાજીનું પૂછડું પકડીને કહ્યું.

હા... આજે માંગીલાલે હનુમાનજીનો વેશ ધારણ કર્યો હતો.

'ના હો.... તારે તો ભણી ગણીને મોટા માણસ બનવાનું છે.'

'દાદાજી, સૌથી મોટા માણસ તો તમે જ છો, ક્યારેક ભગવાન શ્રીરામ તો ક્યારેક શંકર, ક્યારેક હનુમાનજી તો વળી ક્યારેક શિવાજી તો ક્યારેક મહારાણા પ્રતાપ.'

માંગીલાલે સૂરજને તેડીને વ્હાલ કર્યું. સૂરજ માંગીલાલનો એક માત્ર સહારો હતો. ઘડપણની લાકડી હતો. સૂરજનાં મા-બાપ પાંચેક વર્ષ પહેલા રેલ્વે અકસ્માતમાં મૃત્યુ પામ્યા હતાં, જેમાં સૂરજનો ચમત્કારીક બચાવ થયો હતો.

જ્યારે કોઈ પૈસાદાર યુગલનું આ રીતે અવસાન થયું હોય ત્યારે અખબારનાં પાનાં શ્રદ્ધાંજલિની જાહેરાતોથી ભરાઈ જતાં હોય છે, પરંતુ આ કાળી મજૂરી કરતું યુગલ હતું. નીચે ફૂટપાથ અને ઉપર આકાશ તેમનો સહારો હતો. તેમણે એક ઝૂંપડીનું સ્વપ્ન જોયું હતું. જે સાકાર થાય તે પહેલાં જ કાળ તેમને ભરખી ગયો હતો.

માંગીલાલને તે ગોઝારો દિવસ યાદ આવી ગયો... દીકરા અને વહુની ચિતા માટે લાકડાંના પૈસાનો પણ તેમની પાસે વેંત નહોતો. માંગીલાલની આંખમાં આંસુ આવી ગયાં.

'દાદાજી, હનુમાનજીની આંખમાં આંસુ?'

માંગીલાલ આંસુ લુછીને બોલ્યા... 'સૂરજ, તારી મા અને બાપે જોયેલું એક સ્વપ્ન પૂરું થઈ શક્યું છે.'

'કયું સ્વપ્ન... દાદાજી?' સૂરજે આંખો પટપટાવીને પૂછ્યું.

'ખોલી લેવાનું.' સરકાર તરફથી દાદાજીને દીકરા અને વહુના અકસ્માતના વળતર પેટે જે રકમ મળી હતી તેમાંથી લક્ઝરી ખોલી લીધી હતી. લક્ઝરી ખોલી એટલે એવી ખોલી જેને ચોકડીમાં નળ હોય અને મ્યુનિસિપાલીટી દ્વારા કલાક પાણી આવતું હોય... ગરીબીની રેખા નીચે જીવતાં માણસો માટે ઘરમાં પાણીની સગવડ હોય તેને લક્ઝરી માનવામાં આવે છે!

માંગીલાલે ખોલીમાં નજર કરી તો તેમનાં અને સૂરજનાં બે જોડી જૂનાં, કપડાં, બે-ચાર વાસણ અને તેમનો વેશભૂષાનો થોડોક સામાન પડ્યો હતો. દરરોજ સવાર પડે ત્યારે સાંજે જમવાનું મળશે કે કેમ તે જ તેમના જીવનનો યક્ષ પ્રશ્ન રહેતો! આવી પરિસ્થિતિમાં પણ દાદાજીએ સૂરજને સરકારી શાળામાં ભણવા બેસાડ્યો હતો અને તેની ભણવાની ચોપડીમાંથી માંગીલાલ ઐતિહાસિક પાત્રોનાં ચિત્રો જોઈને વેશ ધારણ કરતા... માત્ર એટલું જ નહીં પરંતુ તે મહાન પાત્રો વિશે સૂરજ વાંચી સંભળાવતો ત્યારે તેવા મહાન ચરિત્રોના સદ્ગુણોને આત્મસાત કરવાની પણ માંગીલાલ કોશિશ કરતો.

વનમાં પ્રવેશી ચૂકેલો માંગીલાલ ભલે ભણેલો નહોતો પરંતુ તેની નિરીક્ષણ શક્તિ અદ્ભૂત હતી. બહુરૂપીના વેશમાં તે ખૂબ રખડ્યો હતો. તેથી દુનિયાદારીની રીતરસમથી પણ તે ખૂબ જ પરિચિત હતો. દારૂણ ગરીબીમાં પણ પ્રામાણિકતા તેનો




જીવનમંત્ર હતો. ઈશ્વર ક્યારેક આવા માણસોની કસોટી કરવાને બહાને પણ તેમની વધારે નજીક રહેવાનું પસંદ કરતો હોય છે!

આજે માંગીલાલ ફરતો ફરતો શહેરનાં એક વિશાળ મેદાન પર જઈ પહોંચ્યો જ્યાં જાહેરસભા ચાલતી હતી. માંગીલાલ અચરજપૂર્વક છેલ્લે ઊભો રહીને નેતાજીનું ભાષણ ધ્યાનપૂર્વક સાંભળી રહ્યો હતો. નેતાજી માઈક પરથી બોલી રહ્યા હતા....

'હું પ્રામાણિકરાય જાહેરમાં વચન આપું છું કે જો અમારો પક્ષ સત્તા પર આવશે તો દેશભરમાંથી અમે ભ્રષ્ટાચાર ભગાડીશું. અમે દરેક નાગરિકના દિલમાં પ્રામાણિકતાની એક નવી જ્યોત જલાવીશું જેને કારણે લાંચરૂશ્વતને દેશવટો મળશે અને કાયદાનું સચોટ રીતે પાલન થશે.'

લોકોએ તાળીઓનો ગડગડાટ કર્યો એટલે માંગીલાલે પણ ઉત્સાહમાં આવીને તાળીઓ પાડી. બહુરૂપીને તાળીઓ પાડતો જોઈને કેટલાંક ટીખળી યુવાનો તેની મજાક કરવા લાગ્યા. બહુરૂપીએ હાથમાં ગદા સાથે કુદાકુદ કરવા માંડી. સભામાં અનાયાસે જ ખલેલ પડી એટલે નેતાજીએ માઈક પરથી જ બહુરૂપીને બહાર કાઢવા માટે ફરમાન કર્યું. પરિસ્થિતિ વધારે ન વણસે તે માટે માંગીલાલ ઝડપથી બહાર સરકી ગયો.

સાંજે માંગીલાલ હાઈવે પરથી ઘર તરફ જઈ રહ્યો હતો ત્યાં જ એક મોંઘી કાર પૂરઝડપે તેની બાજુમાંથી પસાર થઈ ગઈ. કારની ઝડપ જોઈને માંગીલાલ ધ્રુજી ઊઠ્યો....

ત્યાં તો થોડેક આગળ જ તે ગાડીએ એક માજીને હડફેટે લીધાં. ગાડી ધીમી પડી પણ પછી તરત જ આગળ નીકળી ગઈ.

માંગીલાલે તરત જ ગાડીનો નંબર યાદ રાખી લીધો અને ઝડપથી પેલા ઘવાયેલાં માજી તરફ દોડ્યો. ગણતરીની ક્ષણોમાં તો વીસેક માણસોનું ટોળું ભેગું થઈ ગયું. કોઈકે ફોન કરીને એમ્બ્યુલન્સને બોલાવી લીધી પરંતુ માજીનું પ્રાણપંખેરું તો સ્થળ પર જ ઊડી ગયું. ત્યાં તો પોલીસની જીપ પણ આવી પહોંચી. જીપમાંથી સિનિયર પોલીસ ઈન્સ્પેક્ટર ઝાલા સાહેબ ઉતર્યા.

ઝાલા સાહેબ એટલે એકદમ કડક અને નોન કરપ્ટ પોલીસ ઓફિસર. હજુ પંદર દિવસ પહેલાં જ ટ્રાન્સફર થઈને તેઓ આ શહેરમાં આવ્યા હતા. ઝાલા સાહેબ તરત પરિસ્થિતિ પામી ગયા... હીટ એન્ડ રનનો કેસ હતો. કાર ચલાવનારે અકસ્માતના સ્થળે ઊભા રહેવાની માનવતા પણ દાખવી નહોતી.

'તમારામાંથી કોઈને કારનો નંબર ખ્યાલ છે?' ઝાલા સાહેબે મોટા અવાજે ટોળાને પૂછ્યું.

'હા સાહેબ...' માંગીલાલ આગળ આવ્યો.

'શાબાશ, ચાલ મારી સાથે બેસીજા... તારું સ્ટેટમેન્ટ લઈ લઈએ.'


પોલીસ સ્ટેશને પહોંચીને જરૂરી કાર્યવાહી કરીને ઝાલા સાહેબ બોલ્યા. 'જો ભાઈ માંગીલાલ, આજે તું હનુમાનજીના વેશમાં છો તો તેમના જેટલી જ હિમ્મત રાખજે.'

'હું સમજ્યો નહીં, સાહેબ.'

# અવસાન-શ્રધ્ધાંજલિ



**પ્રકાશભાઈ કાંતિલાલ શાહ**
ગામ : ઉનાવા
હાલ : અમદાવાદ
સ્વ. તા.૩૦-૦૫-૨૦૨૪, ગુરુવાર



**અ.સૌ. મંજુલાબેન કિર્તીકુમાર શાહ**
ગામ : કમાણા
હાલ : ઉંઝા
સ્વ. તા.૦૩-૦૬-૨૦૨૪, સોમવાર



**અ.સૌ. શ્વેતાંગીનીબેન સુરેશકુમાર શાહ**
ગામ : મણુંદ
હાલ : સુરત
સ્વ. તા.૧૨-૦૬-૨૦૨૪, બુધવાર



**મુકેશભાઈ જમનાદાસ શાહ**
ગામ : ઉનાવા
હાલ : વડોદરા
સ્વ. તા.૧૮-૦૬-૨૦૨૪, મંગળવાર



**પ્રફુલકુમાર નટવરલાલ શાહ**
ગામ : ખરવડા
હાલ : બોરીવલી, મુંબઈ
સ્વ. તા.૨૧-૦૬-૨૦૨૪, શુક્રવાર

**આ દિવંગત આત્માઓને પ્રભુ શાંતિ આપે તેવી પ્રાર્થના**

'વગવાળા અને પૈસાદાર માણસો આવા કેસમાં કેટલીકવાર સાક્ષીને ડરાવી ધમકાવીને કે અન્ય લાલચ આપીને આખો કેસ લૂલો કરી નાંખતા હોય છે, પરિણામે ગુનેગારને યોગ્ય સજા આપવા માટે કાયદાના હાથ હેઠા પડી જતા હોય છે.'

'સાહેબ, હું તમને વચન આપું છું, ગમે તે થશે પણ હું નહીં ફરું... પ્રાણ જાયે પર વચન ન જાયે.'

'વાહ ભાઈ વાહ, હવે લાગે છે કે એક સાચો રામભક્ત બોલે છે.'

એકાએક પોલીસસ્ટેશનના પ્રાંગણમાં એક મોંઘી કાર પ્રવેશી. જેમાં પેલા સવારવાળા પ્રામાણિકરાય આવી પહોંચ્યા હતા.

'ઈન્સ્પેક્ટર આપને રૂબરૂ મળવા આવ્યો છું.'

તમને કોઈકે મારા દીકરાની ગાડીનો નંબર આપ્યો છે.'

'અચ્છા... તો અકસ્માત તમારા દીકરાએ કર્યો છે?' ઝાલા સાહેબે પૂછ્યું.

'હા ઈન્સ્પેક્ટર. હું તમને ભલામણ કરવા આવ્યો છું કે ડોશીને કોઈક અજાણ્યા વાહને ટક્કર મારી હતી તેવો કેસ ઊભો કરી દેજો.'

'કેમ?' ઝાલા સાહેબના ચહેરાના હાવભાવ બદલાઈ ગયા હતા.

'જેથી મારા દીકરાને સજા ન થાય.' પ્રામાણિકરાય ખંધું હસ્યા. 'અને આઈ વીટનેસનું શું?' ઝાલા સાહેબે ઝીણી આંખ કરીને પૂછ્યું.

'કોણ છે આઈ વીટનેસ? આ બહુરૂપી?'

'હા, અને તેનું સ્ટેટમેન્ટ પણ મેં લઈ લીધું છે. હવે કાયદો કાયદાનું કામ કરશે.'

'અરે ઓ બહુરૂપી, તું તો સાવારે મારી સભામાં હતો તે જ છો ને?'

'હા.'

'બોલ, તારે કેટલા પૈસા જોઈએ છે? પ્રામાણિકરાયે પોલીસસ્ટેશનમાં જ પોતાની અપ્રામાણિકતા બતાવવાનું શરૂ કર્યું.'

'કેમ સાહેબ, સવારે ભાષણમાં તો તમે પ્રામાણિકતાની અને કાયદાપાલનની મોટી મોટી વાતો કરતા હતા... ભ્રષ્ટાચારને ભગાડીશું... લોકોમાં પ્રામાણિકતાની જ્યોત જગાડીશું...' માંગીલાલે પ્રામાણિકરાયની મિમિક્રિ કરવાનું ચાલુ કર્યું.

હવે પ્રામાણિકરાયનો ગુસ્સો સાતમા આસમાને પહોંચ્યો... 'જો બહુરૂપી, તારી હેસિયત પ્રમાણે વર્તજે... તું તારું નિવેદન પાછું નહિ ખેંચે તો પરિણામ ભોગવવાની તૈયારી રાખજે. શામ, દામ, દંડ, ભેદ મને આવડે છે.'

ઝાલા સાહેબે જોરથી ટેબલ પર ડંડો પછાડ્યો... 'મિસ્ટર, બનાવના સાક્ષીને આ રીતે ડરાવવો કે ધમકાવવો એ ગંભીર ગુનો બને છે. હું અત્યારે જ તમારી સામે ફરીયાદ દાખલ કરું છું... બોલો... તમારું આખું નામ બોલો.'

બહુરૂપીએ આનંદ પૂર્વક હનુમાનજીની જેમ જ કુદકો લગાવ્યો અને બોલ્યો...

'ઈન્સ્પેક્ટર સાહેબ, તેમનું નામ 'બહુરૂપી' લખો કારણ કે સમાજના સાચા 'બહુરૂપી' તો આ લોકો જ છે!'

પોલીસસ્ટેશનમાં હાજર રહેલ તમામ સ્ટાફ ખડખડાટ હસી પડ્યો, જેમનાં હાસ્યના પડઘામાં પ્રમાણિકતાનો સાચો રણકાર હતો !

## અભિનંદન સહ શુભેચ્છાઓ....

# ખિતાબ... સુંદરતાનો
# ખિતાબ... ટેલેન્ટનો
# ખિતાબ... વેશ પરિધાનનો
# ખિતાબ... ફીટનેસનો

### એન્ડ એવોર્ડ ગોસ ટુ :

# હેમલ મનીષ શાહ (મુંબઈ)



હેમલ મનીષ શાહ
(મુંબઈ)

### મિસિસ ઈન્ટેલેક્સ્યુલ ગ્રેસના નેજા હેઠળ યોજાયેલ
## "સૌંદર્ય સ્પર્ધા"

કે જે નારી ફર્સ્ટ અને જ્વેલ ઓફ ઈન્ડીયાના સંયુક્ત ઉપક્રમે એવોર્ડ ફંક્શનનું આયોજન "કોરડેલીયા ક્રુઝ" ના ભવ્ય પ્લેટફોર્મ પર એપ્રિલ મહિનામાં યોજાયું હતું. જેમાં ભારતવર્ષની બધી જ ક્ષિતિજમાંથી લગભગ ૧૦૦૦ લેડીઝની એન્ટ્રી આવેલી, જેમાં આખરે ૧૨૯ પાર્ટીસીપેન્ટની પસંદગી થઈ. જે ઉપરોક્ત એવોર્ડને જીતવા માટે તત્પર બની જેમાં હેમલ શાહને "MRS INTELLECTUAL GRACE" નો ખિતાબ મળ્યો. જે અમારા પરિવારજનો, સગાંસ્નેહીઓ મિત્રગણ તથા હિતેચ્છુઓ માટે ખુશીઓની લહેર લાવી. અમારા શ્રી ૪૭ જ્ઞાતિ જૈન સમાજ માટે ગૌરવપ્રદ બીના બની છે અને અમારા માદરેવતન (કમાણા) માટે પણ વિશેષ આનંદની અનુભૂતિ સર્જાઈ છે. હેમલ શાહને આ પળે ખૂબ ખૂબ અભિનંદન અને આ ઘટના આપના જીવનનું સુમધુર સંસ્મરણ બની રહે એજ શુભેચ્છા...







ખાસ નોંધ : સિને જગતની ખ્યાતનામ અદાકારા મલાઈકા અરોરા આ ઈવેન્ટ્સમાં ચીફ ગેસ્ટ તરીકે આરૂઢ થયેલા.

**માતુશ્રી વસુમતીબેન કેશવલાલ શાહ પરિવાર (કમાણા)**
**હસ્તે : મનીષભાઈ કેશવલાલ શાહ**
**શ્રેયાંસ મનીષકુમાર શાહ - જેસલ મનીષકુમાર શાહ**

A 3502, Kanakia Levels, Rani Sati Marg, Opp. Passport Office, Malad (East) Mumbai - 400097. M.: 9819319111

R.N.I. Regd. No. : GujGuj/2003/11307 • Postal Reg. No. : GAMC - 1401/2021-23 Publishing on 1st Date of every Month
Issued by SSP Ahmedabad Valid up to 31-12-2023 • Posting at P.S.O. Ahmedabad on 1st date of every month
Licensed to Post Without Prepayment No.PMG/NG/102/2021-23 valid up to 31/12/2023



# અભિનંદન સહ શુભેચ્છાઓ



સ્વ. દિનેશભાઈ વાડીલાલ શાહ તથા સ્વ. પ્રવિણાબેન વાડીલાલ શાહ
(મુ. પાલજ, હાલ : અમદાવાદ)ના સુપૌત્ર
અને
નિશાંત દિનેશભાઈ શાહ તથા હેતલ નિશાંત શાહના પુત્ર
## ચિ. જૈનમ એ

**B.TECH (Mechanical Engineering)**
**Charusat University** માંથી
પૂર્ણ કરી અભ્યાસ ક્ષેત્રે પ્રગતિ કરી
**M.S. in INDUSTRIAL MANAGEMENT** ની પદવી
**California State University,**
**Los Ageles, California, USA** માંથી
એનાયત થયેલ છે. તેની સફળતા બદલ
અમારા સૌ તરફથી ખૂબ ખૂબ અભિનંદન



ચિ. જૈનમ



શુભેચ્છક

**વાડીલાલ છોટાલાલ શાહ પરિવાર** (મુ. પાલજ - હાલ : અમદાવાદ)

સ્વ. અરવિંદભાઈ વાડીલાલ શાહ
પ્રેમીલાબેન અરવિંદભાઈ શાહ
સ્પંદન અરવિંદભાઈ શાહ
પૂર્વી સ્પંદન શાહ
સ્મિત અને મૈથિલી

સ્વ. દિનેશભાઈ વાડીલાલ શાહ
સ્વ. પ્રવિણાબેન દિનેશભાઈ શાહ
નિશાંત દિનેશભાઈ શાહ-હેતલ નિશાંત શાહ
ઝંકાર દિનેશભાઈ શાહ-કિંજલ ઝંકાર શાહ
હીર નિશાંત શાહ • નીત્યમ ઝંકાર શાહ

ભરતભાઈ વાડીલાલ શાહ
શકુંતલાબેન ભરતભાઈ શાહ
નિસર્ગ ભરતભાઈ
ચેશા નિસર્ગ શાહ
નચમ

સરનામું : ૩૧, પાર્શ્વનાથ સોસાયટી, નારણપુરા ક્રોસ રોડ પાસે, નારણપુરા, અમદાવાદ-૩૮૦૦૧૩. મો.: ૯૮૨૫૦૪૩૩૪૯

परिवार पत्रिका
PARIVAR PATRIKA (Gujarati Monthly) (ગુજરાતી માસિક)
Printed and Published by PRAMODBHAI NAVNITLAL GANDHI on behalf of
SHRI MEHSANA PRANT JAIN DASHA SHRIMALI GNYATI MANDAL
(Office Time : 10-30 to 6-30 (Monday Close) Email : mahesana_jainprant@yahoo.com- www.dashashreemali.com)
Printed at Jagadish Offset, Ahmedabad and published from SHRI MAHESANA PRANT JAIN DASHA SHRIMALI GNYATI MANDAL,
P. Gautam & Co., Nandanvan, Ground Floor, Town Hall, Ellisbridge, Ahmedabad - 380 006. Editor - PRAMODBHAI NAVNITLAL GANDHI